જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શુક્રવાર । તા. ૧૫-૩-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૪ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

આતંકી મસૂદ મુદ્દે ચીને વીટો વાપર્યો: ભાજપ-કોંગ્રેસનું વાકયુદ્ધ

વડાપ્રધાન મોદી નબળા, ચીનના જિનપિંગથી ડરે છે: રાહુલ ગાંધી

ચીન ભારત વિરુદ્ધ એક્શન લે છે ત્યારે વડાપ્રધાન મોદી કંઇ બોલતા નથી

ન્યુ દિલ્હી

ચીન દ્વારા સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં મસૂદ અઝહરને વૈશ્વિક આતંકવાદી જાહેર કરવાના પ્રસ્તાવ પર ચીને વીટો વાપરતા ભારતના આતંકવાદ વિરોધી અભિયાનને મોટો ઝાટકો લાગ્યો છે. દરમિયાન ચીનના વીટોને લઈને ભારતમાં પણ રાજકારણ થવા લાગ્યું છે. કોંગ્રેસે ચીનના આ પ્રસ્તાવ પર વીટો વાપરવાને મોદી સરકારની કૂટનીતિક હાર ગણાવી છે.

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહાર કરી રહ્યાં છે. રાહુલ ગાંધીએ આજે ટ્વીટ કરીને કહ્યું કે વડાપ્રધાન મોદી ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગથી ડરે છે. જ્યારે પણ ચીન ભારત વિરુદ્ધ કોઈ એક્શન લે છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી કશું બોલતા નથી.

કોંગ્રેસ અધ્યક્ષે ટ્વીટમાં વડાપ્રધાન મોદીની ચીન નીતિ પર વ્યંગ કરતા ત્રણ પોઈન્ટમાં સમજાવી. રાહુલે લખ્યું કે વડાપ્રધાન ગુજરાતમાં શી જિનપિંગ સાથે હીંચકાં ખાય છે, દિલ્હીમાં ગળે લાગે છે અને ચીનમાં તેમની સામે નમી જાય છે.

મસૂદ અઝહરને ગ્લોબલ આતંકવાદી જાહેર કરવાના પ્રયાસમાં ચીન દ્વારા પ્રસ્તાવ વિરુદ્ધ વીટો વાપર્યા બાદ કોંગ્રેસે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિદેશ નીતિ કૂટનૈતિક આફતનો સિલસિલો છે. આ ઉપરાંત કોંગ્રેસે ચીન અને પાકિસ્તાનની પણ આકરી ટીકા કરી અને કહ્યું કે આતંકવાદ વિરુદ્ધની લડતમાં આ એક દુ:ખદ દિવસ છે.

કોંગ્રેસે મોદી સરકાર ઉપરાંત સંયુક્ત રાષ્ટ્રમાં આ કવાયતમાં રોડાં નાખવાને લઈને ચીન અને પાકિસ્તાનની ટીકા કરી.



દેશ આખો દુખ:માં હોય છે ત્યારે રાહુલ ગાંધી ખુશ થાય છે: ભાજપ

૨૦૦૯માં યૂપીએના સમયમાં પણ ચીને આવો જ વાંધો ઉઠાવ્યો હતો, તે સમયે તમે ટ્વિટ કર્યું હતું શું?

ન્યુ દિલ્હી

ભાજપે આતંકવાદી મસૂદ અઝહર અને ચીનના મુદ્દે રાહુલ ગાંધીના નિવેદનને લઈને મોટો હુમલો કર્યો છે. કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે કહ્યું કે, રાહુલ ગાંધીનું ટ્વિટ અમે જોયું છે. જ્યારે દેશ દુ:ખમાં છે, ત્યારે રાહુલ કેમ સેલિબ્રેટ કરવાના મૂડમાં છે. રાજકારણમાં અંતર હશે, વિરોધ પણ હોવો જોઈએ. શું ઘોર આતંકવાદીની વિરુદ્ધની કાર્યવાહીમાં, ચીનની જૂની નીતિને ફરી અપનાવતા પણ તમે ખુશ છો. રાહુલ ગાંધીને શું થઈ ગયું છે. આપનું ટ્વિટ પાકિસ્તાનમાં હેડલાઈન બની જશે. આજકાલ તમને પાકિસ્તાની મીડિયામાં ટ્વિટ અને કોમેન્ટ જોઈને ખુશી થાય છે. આજે રાહુલને સવાલ પૂછવા જરૂરી છે.

રવિશંકરે રાહુલ ગાંધીને સવાલ પૂછ્યા. તેમણે કહ્યું કે, ૨૦૦૯માં યૂપીએના સમયમાં પણ ચીને આવો જ વાંધો ઉઠાવ્યો હતો, તે સમયે તમે ટ્વિટ કર્યું હતું શું? બીજો સવાલ પૂછ્યો- રાહુલ ગાંધીજી તમારા ચીન સાથે સારા સંબંધ છે, ડોકલામ પર તમે ચીનની એમ્બેસી ગયા હતા, તમારી વાતચીત થઈ હતી, ભારત સરકારની મંજૂરી વગર એમ્બેસી ગયા હતા. તો આ આતંકવાદી મામલામાં ચીન સાથેની મિત્રતાનો લાભ ભારતને અપાવી દેતા.

રવિશંકર પ્રસાદે વધુમાં કહ્યું કે, જો રાહુલ ગાંધી પોતાના સંબંધોનો સદુપયોગ કરી આતંકવાદની વિરુદ્ધ કંઈક કરતા તો અમને પણ કોઈ વાંધો નહોતો. રાહુલ ગાંધીજી ટ્વિટરથી દેશની વિદેશ નીતિ નથી ચાલતી. ચીનની વાત આવશે તો ઘણી દૂર સુધી જશે.

ચીનને સુરક્ષા પરિષદમાં સીટ અપાવવા માટે નહેરુ અસલી ગુનેગાર: જેટલી

ન્યુ દિલ્હી

ચીને મસૂદ અઝહરને વૈશ્વિક આતંકી જાહેર કરવાનાં ત્રણ દેશોનાં પ્રસ્તાવ પર ફરી એકવાર અડચણ પેદા કરી છે. આ અંગે ભાજપનાં નેતાઓએ આક્રોશ વ્યક્ત કર્યો છે. નાણામંત્રી અરુણ જેટલીએ ગુરુવારે કહ્યું કે, ચીનની આ હરકત માટે જવાહરલાલ નેહરુને દોષી ગણાવ્યા છે. તેમણે કહ્યું કે, નેહરુએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ચીનને સીટ આપવા માટે સમર્થન કર્યું હતુ. જેથી નહેરુ જ અસલી ગુનેગાર છે.

રાહુલ ગાંધીએ સવારે જ તેમના ટ્વિટમાં કહ્યું હતુ કે વડાપ્રધાન મોદી કમજોર છે અને ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગથી તેઓ ડરે છે. આ અંગે જેટલીએ કહ્યું કે, કાશ્મીર અને ચીન બન્ને કેસમાં એક જ વ્યક્તિની ભૂલ છે. જેટલીએ આ અંગે ૨ ઓગષ્ટ ૧૯૫૫નાં એક પત્રનો પણ ઉલ્લેખ કર્યો હતો, જે નહેરુએ રાજ્યોનાં મુખ્યમંત્રીને લખ્યો હતો. જેટલીએ ટ્વિટમાં પત્રના અંશોનો પણ ઉલ્લેખ કર્યો હતો. જેમાં કહેવાયું હતુ કે ,અમેરિકા સંયુક્ત રાષ્ટ્રમાં ચીનને લેવા માટે તૈયાર હતુ પણ સુરક્ષા પરિષદમાં તેઓ ભારતને તે સ્થાન આપવા માગતા હતા. પરંતુ નેહરુએ ભારતને સુરક્ષા પરિષદમાં સમાવેશ કરવા અંગેના પ્રસ્તાવને નકારતા કહ્યું કે, ચીન એક મહાન દેશ છે, તેમનું સ્થાન લેવુ એ દગાખોરી જેવુ લાગશે. રાહુલને ટોણો મારતા જેટલીએ પૂછ્યુ કે, શું કોંગ્રેસ અધ્યક્ષ જણાવશે કે ચીનને સુરક્ષા પરિષદમાં ભારતનું સ્થાન આપનાર સાચ્ચે ગુનેગાર કોણ હતુ?

૨૦૧૨માં ટિકિટ કપાતાં પૂર્વ ધારાસભ્ય હનુભાઈ ભાજપ છોડી કોંગ્રેસમાં ગયા હતા

કોંગ્રેસે વધુ એક વિકેટ ગુમાવી, હનુભાઈ ધોરાજીયા ફરીથી ભાજપમાં

અમરેલી

અમરેલી જિલ્લાના લાઠી-બાબરાના ભાજપના પૂર્વ ધારાસભ્ય અને પછી કોંગ્રેસમાં જતા રહેલા હનુભાઈ ધોરાજીયા ફરીથી ભાજપમાં જોડાયા છે. આ સાથે જ 'મિશન સૌરાષ્ટ્ર' અંતર્ગત ભાજપે કોંગ્રેસના વધુ એક નેતાની વિકેટ ખેરવી નાખી છે.

ઉલ્લેખનીય છે કે, ૨૦૦૭માં હનુભાઈ ભાજપની ટિકિટ પરથી બાબરા લિલિયા બેઠક પરથી ૨૫ હજાર કરતાં વધુ મતથી જીત્યા હતા. વર્ષ ૨૦૧૨માં પણ ભાજપે તેમને ટિકિટ આપવાનું કહેતા તેઓ પ્રચારમાં પણ લાગી ગયા હતા. જો કે ભાજપે પાછળથી તેમની ટિકિટ કાપી નાંખતા તેઓ નારાજ થયા હતા. એ પછી તેમણે ભાજપને 'રામરામ' કરીને કોંગ્રેસ સાથે 'હાથ' મિલાવ્યા હતા.

અમરેલી પંથકમાં હનુભાઈ ધોરાજીયા મજબૂત પાટીદાર નેતા ગણાય છે. જો કે ભાજપી ગોત્રના આ નેતાને ભાજપે ફરી કોંગ્રેસના 'હાથ'માંથી ખુંચવીને ભગવો ખેસ પહેરાવી દીધો છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ તેમને કેસરીયો ખેસ પહેરાવી ભાજપમાં તેમનું સ્વાગત કર્યું હતું.

યુએનમાં વાંધો ઉઠાવવા મામલે ચીને મૌન તોડ્યું

મસૂદ અઝહર મામલે તપાસ માટે વધુ સમય જોઈએ છે: ચીનની નફફટાઈ

બિજિંગ

પાકિસ્તાનમાં સક્રિય જૈશ-એ-મોહમ્મદના આકા મસૂદ અઝહરને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ દ્વારા વૈશ્વિક આતંકી જાહેર કરવાની પ્રક્રિયામાં ચીન ફરીથી આડે ઉતર્યું છે. બુધવારે મસૂદને આતંકી જાહેર કરવાના પ્રસ્તાવ અંગે નિર્ણયના થોડા કલાક પહેલા જ ચીને UNSCમાં વાંધો ઉઠાવ્યો હતો. હવે ચીને આ મામલે મૌન તોડ્યું છે. ચીનના વિદેશ મંત્રીએ ગુરુવારે જણાવ્યું હતું કે, તેમને મસૂદ અઝહર મામલે તપાસ માટે વધુ સમય જોઈએ છે. તેમણે ગુરુવારે જણાવ્યું હતું કે, જૈશ-એ-મોહમ્મદના વડા મસૂદ અઝહરને વૈશ્વિક આતંકવાદી જાહેર કરવા માટે તેમને ઉંડાણ પૂર્વક તપાસ કરવા માટે વધુ સમય જોઈએ છે. ચીને જૈશના વડા મસૂદ અઝહરને વૈશ્વિક આતંકી જાહેર કરવા મામલે પ્રથમ વાર ઔપચારિક નિવેદન આપ્યું છે. ચીનના વિદેશ મંત્રાયલના પ્રવક્તા લુ કાન્ગે જણાવ્યું હતું કે, અમે યુએનની પ્રતિબંધ સમિતિના નિયમો અને કાર્યવાહી સાથે ઉભા છે. સતત ચોથીવાર ચીને જૈશ-એ-મોહમ્મદના ચીફ મસૂદ અઝહરને ગ્લોબલ આતંકી જાહેર કરવામાં વીટો પાવર વાપર્યો છે. ૧૪મી ફેબ્રુઆરીએ જમ્મુ-કાશ્મીરના પુલવામામાં થયેલા આતંકી હુમલામાં ભારતના ૪૦ સીઆરપીએફ જવાન શહીદ થયા હતા. આ ઘટના બાદ ફ્રાન્સ, અમેરિકા અને યુકેએ યુએનમાં આતંકી મસૂદ અઝહરને વૈશ્વિક આંતકી જાહેરનો પ્રસ્તાવ રજુ કર્યો હતો.







રાણપુરમા સુપ્રસિધ્ધ કથાકાર પુજ્ય મોરારીબાપુ અને માયાભાઈ આહીર આવતા લોકો ઉમટ્યા



મોરારીબાપુએ પોતાની ગાડી રોકાવી સાવધરીયા ફાર્મમાં જામફળ અને લીલાચણા ખાધા

બોટાદ જીલ્લાના રાણપુરમાં વિશ્વ વંદનીય પરમ પુજ્ય મોરારીબાપુ અચાનક પહેલીવાર રાણપુરમાં બાબુભાઈ બારોટના ઘરે આવતા મોટી સંખ્યામાં લોકો બાબુભાઈ બારોટના ઘરે મોરારીબાપુના દર્શન કરવા ઉમટીપડ્યા હતા.રાણપુરમાં કીખ્ના કોમ્પલેક્ષની પાછળના રહેતા બાબુભાઈ બારોટ એકદમ સામાન્ય માણસ છે બાબુભાઈ બારોટના દીકરા જગદીશભાઈ બારોટ સારા એવા ભજનીક છે અવારનવાર મોરારીબાપુ જગદીશભાઈ બારોટના સ્વરે ભજન સાંભળે છે ત્યારે આજે એકાએક અચાનક કથાકાર મોરારીબાપુ,માયાભાઈ આહીર,બિહારીદાન હેમુ ગઢવી,ખેતશી ગઢવી સહીત તેમના ઘરે આવતા ઘરના તમામ સભ્યો બે ઘડી તો વિચારમાં પડી ગયા હતા મોરારીબાપુ આવ્યા છે ની જાણ વાયુવેગે રાણપુરમાં પ્રસરતા બાબુભાઈ બારોટ ના ઘરે લોકો મોટી સંખ્યામાં ઉમટીપડ્યા હતા.બાબુભાઈના ઘરે મોરારિબાપુએ ચા-પાણી પીધા અને મોરારીબાપુને જગદીશભાઈ બારોટ એ ભજન સંભળાવ્યા હતા.અને ત્યારબાદ તેવો પાળીયાદ જવા નિકળ્યા હતા ત્યારે પાળીયાદ રોડ ઉપર રસ્તામાં સાવધરીયા ફાર્મ આવતા પુજ્ય મોરારીબાપુએ એમની ગાડી રોકાવી સાવધરીયા ફાર્મ હાઉસમાં ગયા હતા તેમણે ફાર્મ હાઉસના જામફળ અને લીલાચણા ખાધા હતા એક કલાક જેટલો સમય તેમણે ઘનશ્યામભાઈ સાવધરીયાના ફાર્મ હાઉમ માં રોકાણા અને સત્સંગ કર્યો હતો.પુજ્ય મોરારીબાપુ ની નાના માણસો પ્રત્યેની ભાવના જોઈ રાણપુરના લોકો ભાવવિભોર બનીગયા હતા અને મોરારીબાપુ એ સામાન્ય લોકો સાથે સમય વિતાવ્યો હતો અને લોકો આશ્ચર્ય માં પડી ગયા હતા

મલગામા-ભેસાણ ગ્રાઉન્ડ યોજાયેલી ટુર્નામેન્ટમાં રાંદેરની ટીમ ચેમ્પિયન

અંકલેશ્વરની યંગ સ્ટાર ઈલેવન રનર્સઅપ

સુરત

શ્રી સદ્‌ગુરૂ રોહિદાસ સત્સંગ મંડળ તથા શ્રી સાંઈ યુવક મંડળ વરીયાવના ઉપક્રમે સ્વ. વિઠ્ઠલભાઈ હીરાભાઈ પરમાર અને સ્વ.શાંતાબા વિઠ્ઠલભાઈ પરમાર તથા સ્વ. રતિલાલ એન. પરમાર એડવોકેટ-નોટરીના સ્મરણાર્થે તા.૧૦-૩-૨૦૧૯ના રોજ મલગામા-ભેંસાણ ગ્રાઉન્ડ પર સુરત પર ઈશ્વરભાઈ વી. પરમારે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કર્યુ હતું. જેમાં ૧૫ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અંકલેશ્વર ટીમ રનર્સઅપ અને રાંદેર ટીમ ચેમ્પિયન વિજેતા બની હતી. રનર્સઅપ ટ્રોફી શકુંતલાબેન અને ધવલકુમારે તથા વિજેતા રાંદેરની ટીમને ટ્રોફી મનુભાઈ (ઉમરા) અને જયાબેન ઈશ્વરભાઈ પરમારે તથા મેન ઓફ ધી સીરીઝ બનેલ કલ્પેશભાઈને દેવકુમાર અને નેહા વિરલભાઈ પરમારએ આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા વરીયાવ યુવક મંડળના રોમીતકુમાર, પ્રિતેશકુમાર, કેનિલકુમાર, રાજેશકુમાર વગેરેએ ભારે જહેમત કરી હતી. કોમેન્ટ્રી રાજેશ ગોહિલ અને પ્રિતેશ સોલંકીએ આપી હતી.

અમરોલી કોલેજમાં સાતમો શૈક્ષણિક ઈનામ વિતરણ સમારંભ આયોજીત કરાયો

મુખ્ય મહેમાન ચંદ્રેશભાઈ મહેતાએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા

સુરત

તા.૧૨ માર્ચ ૨૦૧૯ને સવારે ૯.૩૬ કલાકે જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં કારકિર્દી ક્ષેત્રે સર્વોચ્ચ પ્રદર્શન કરનાર તેમજ શૈક્ષણિક પ્રવૃત્તિઓના તેજસ્વી, પ્રતિભાશાળી તથા ઉલ્લેખનીય સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થી બાઈ-બહેનોનો ઈનામ વિતરણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જીવન જ્યોત ટ્રસ્ટના મંત્રી અશ્વિનભાઈ પટેલ તથા વિદ્યાર્થીઓના વાલીઓ હાજર રહ્યા હતા. મુખ્ય મહેમાન ચંદ્રેશભાઈ મહેતાએ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સમારંભની શુભ શરૂઆત એસ. વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. યાદવ પ્રિયંકાએ કરી હતી. પ્રિ. ડૉ. કે.એન. ચાવડાએ કોલેજની વિકાસ ગાથા વર્ણવી કારકિર્દી ક્ષેત્રે સર્વોચ્ચ પ્રદર્શન કરનાર તેમજ શૈક્ષણિક પ્રવૃત્તિઓના તેજસ્વી, પ્રતિભાશાળી તથા ઉલ્લેખનીય સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓ અંગે માહિતી આપી મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કર્યું હતું. કાર્યક્રમમાં જીવન જ્યોત ટ્રસ્ટના મંત્રી અશ્વિનભાી પટેલ જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી અને મહેમાનોના વરદ હસ્તે દીપ પ્રગટાવી ઉદ્‌ઘાટન કરી વિવિધ પ્રવૃત્તિઓમાં સફળતા બદલ કોલેજ પરિવાર અને વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમના મહેમાનોનો આવકાર પ્રિ. ડૉ. કે.એન. ચાવડાએ આપ્યો હતો. પરિચય ડૉ. સેજલ એ. દેસાઈએ કરાવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને નયન રમ્ય ટ્રોફીઓ અને ઈનામો અપાયા હતા. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રિ. ડૉ. કે.એન. ચાવડાએ તેમજ ઈનામ વિતરણ સંચાલન પ્રા.ચિરાગ સિધ્ધપુરીયા તેમજ કે.આર. સોલંકી અને વહીવટી પરિવાર અને ઉદ્‌ઘોષક તરીકે સેવા પ્રા.મેઘા મહેતા, આભારવિધિ પ્રા. મેહુલ શાહ દ્વારા કરવામાં આવી હતી. ઈનામોની જાહેરાત પ્રા.ચિરાગ સિધ્ધપુરીયાએ કરી હતી.

અમરોલીમાંથી યુવકને ઉઠાવી જઈ વાઘાણી દંપતિએ ફટકાર્યો

યુવકનું મોટાર સાઈકલ પર અપહરણ કરાયું

સુરત

અમરોલી વિસ્તારમાંથી એક સૌરાષ્ટ્રીયન યુવાનનું અપહરણ કરી વાઘાણી દંપતિએ પાઈપ વડે હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હોવાનો બનાવ અમરોલી પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અમરોલી વિસ્તારમાં એક પાટીદાર યુવક રહે છે. ગતરોજ આરોપી મુકેશ વાઘાણી અને તેમના પત્ની સહિત અન્ય બે ઈસમોએ યુવકનું અપહરણ કરી મોટર સાયકલ પર બેસાડી મોટા વરાછા વીઆઈપી સર્કલ ખાતે આવેલ એક ઓફિસમાં લઈ જઈ પાઈપ જેવા હથિયાર વડે માર મારી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી હતી. ત્યારબાદ આરોપી મુકેશ વાઘાણી પોતાની મોટર સાયકલ પર યુવકને બેસાડી તેમના મામાના દિકરાની ભટાર ખાતે આવેલી ફેક્ટરી પર છોડી દઈ ફરાર થઈ ગયા હતા. અમરોલી પોલીસ મથકમાં અપહરણની ફરિયાદ નોંદાવવામાં આવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વડીલો પાર્જીત ખેડૂતની જમીન પડાવી લેવાનો પ્રયાસ કરતા પોલીસ ફરિયાદ

બહુમાળી સરકારી કચેરીમાં ગુનો આચરાતા અઠવા પોલીસે કેસ દાખલ કર્યો

સુરત

નાનપુરા બહુમાળી ભવનમાં આવેલા સ્ટેમ્પ ડ્યુટી મૂલ્યાંકન કચેરી ખાતે એક ખેડૂત પાસેથી પાવર ઓફ એટર્ની મેળવી વડીલો પાર્જીત જમીન બારોબાર વેચી મારવાના એક કિસ્સામાં ચાર આરોપીઓ સામે અઠવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર પરવત પાટીયા કિરણ મોટર્સ પાસે આવેલા મહેન્દ્ર પાર્ક ખાતે દેવેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ ઠાકોર રહે છે. તેઓની વડીલો પાર્જીત જમીન-મિલકત ડુંભાલ ખાતે સર્વે નંબર ૨૭૧-૩૯, બ્લોક નં.૪૪ ટીપી સ્કીમ નં.૩૪, ફાઈનલ પ્લોટ નં.૧ જેનું ક્ષેત્રફળ ૨-૪૦-૭૯ ચોરસ મીટર છે. તે જમીનનો પાવર દેવેન્દ્રભાઈએ મેઘાભાઈ ભરવાડને આપ્યો હતો. આરોપી હિતેશ અકબરી, પિન્ટુ દિવાન તથા મેઘાભાઈ ભરવાડે એકબીજાની મદદગારી કરી કાવતરુ રચી સ્ટેમ્પ ડ્યુટી મૂલ્યાંકન કચેરી ખાતે બોગસ દસ્તાવેજો રજૂ કરી વડીલો પાર્જીત જમીનનું ટાઈટલ વાંધામાં નાંખી ફરાર થઈ ગયા હતા. ખેડૂતે અઠવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૭૧ તથા ૧૨૦ બી મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.ખેડૂતનું વિશેષ નિવેદન લેવામાં આવ્યું હોવાનું પોલીસે જણાવ્યું હતું.

તા.૧૬'મીથી ડાંગની આન, બાન અને શાન સમા ડાંગ દરબાર તથા લોકમેળો

ભાતિગળ મેળાનું રાજ્યપાલ ઓ.પી. કોહલીના હસ્તે કરાશે ઉદ્‌ઘાટન

આહવા

આહવાને આંગણે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોને સથવારે ડાંગના ભાતિગળ લોકમેળાનું રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલીના હસ્તે તા.૧૬મી માર્ચ, ૨૦૧૯નાં દિવસે ભવ્ય ઉદ્‌ઘાટન કરાશે, તે પૂર્વે ડાંગના માજી રાજવીઓની પૂર્ણ આન, બાન, અને શાન સાથે ભવ્ય શોભાયાત્રાનું પણ આયોજન કરાયુ છે. તેમ ડાંગ કલેક્ટર શ્રી એન.કે.ડામોરે ઉદ્‌ઘાટન કાર્યક્રમ સહિત સતત ચાર દિવસો સુધી યોજાનારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન ઘડી કાઢવા માટે આયોજિત બેઠકમાં સંબંધિત અમલીકરણ અધિકારીઓને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું.

તા.૧૬ થી ૧૯ માર્ચ, ૨૦૧૯નાં દિવસો દરમિયાન આહવાના રંગ ઉપવન ખાતે આયોજિત કરાયેલા પરંપરાગત ભાતિગળ લોકમેળાના કાર્યક્રમો માટે રચાયેલી વિવિધ સમિતિઓને સોંપવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરતા કલેક્ટર શ્રી ડામોરે આ લોકમેળામાં આવનારી હજારોની જનમેદની માટેની પાયાકિય સુવિધાઓ બાબતે સૂક્ષ્માતિસૂક્ષ્મ ચર્ચા કરી ઉપયોગી માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતું.

ડાંગ દરબારના ભાતિગળ લોકમેળામાં આવતા નાના/મોટા વેપારીઓ, ધંધાર્થીઓ સહિત જુદી જુદી મનોરંજક રાઈડ્‌સ માટેના પ્લોટની ફાળવણી ઉપરાંત, મહાનુભાવો સાથે પ્રજાજનોની સલામતી અને કાયદો તથા વ્યવસ્થાની પરિસ્થિતિ સૂપેરે જળવાઈ રહે તે માટેનો એકશન પ્લાન ઘડી કાઢવાની સૂચના પણ કલેક્ટર શ્રી એન.કે.ડામોરે આ વેળા આપી હતી.

મેળો મ્હાલવા આવતા પ્રજાજનોના વાહનો સાથે જાહેર પરિવહનના વાહનો માટે પાર્કિંગની અલાયદી વ્યવસ્થા સાથે જરૂરી ડાયવર્ઝનની વ્યવસ્થા સંબંધિત ચર્ચા કરવા સાથે કલેક્ટર શ્રી એ મેળાવાસીઓને સતત ચાર દિવાસો સુધી મનોરંજન પુરૂ પાડવા માટે પધારનારા જુદા જુદા સાંસ્કૃતિક કાર્યક્રમો/ટુકડીઓના કલાકારો માટેની નિવાસ વ્યવસ્થા સાથે આનુષાંગિક વ્યવસ્થાઓનું પણ સૂચારુ આયોજન ગોઠવવા બાબતે માર્ગદર્શન પુરુ પાડ્યુ હતું. દરમિયાન આહવા નગરની સ્વચ્છતા સહિત જરૂરી શૌચાલય, પીવાના પાણી જેવી બાબતે પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. કલેક્ટર શ્રી એન.કે.ડામોરે મેળામાં ઉમટતી ગ્રામીણ પ્રજાને માટે આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીને ધ્યાને રાખીને મતદાર જાગૃતિ અભિયાનની કામગીરી સાથે ઈ.વી.એમ. નિદર્શનની કામગીરી હાથ ધરવા પણ અનુરોધ કર્યો હતો.

ડાંગના માજી રાજવીઓને બા અદબ પોલિટિકલ પેન્શન એનાયત કરવાની ઐતિહાસિક કામગીરી સાથે, રાજવીઓ તેમના ભાઉબંધો અને પરિવારજનોના લાયઝનિંગ સહિત મહાનુભાવો માટેની વ્યવસ્થાઓ સહિતની કામગીરી માટે પણ કલેક્ટર શ્રી ડામોરે સંબંધિતોને જરૂરી સૂચના આપી હતી.

ડાંગના આંગણે યોજાનારા આ ઐતિહાસિક પર્વની મહત્તા સમજી તેની પરિમાપૂર્ણ ઉજવણી થાય તેવા સહિયારા પ્રયાસોની હિમાયત કરતા કલેક્ટર શ્રી ડામોરે સંબંધિત અધિકારીઓ તથા ફરજનિયુક્ત કર્મચારીઓને ખૂબ જ ચોક્સાઈ અને સંવેદનશીલતા સાથે તેમને સોંપવામાંઆવેલી કામગીરી હાથ ધરવાની પણ સૂચના આપી હતી.

નેશનલ સાયન્સ સ્પર્ધામાં કુ.દુર્વાને સિલ્વર મેડલ

સુરત

સાયન્સ ઓલિમ્પિયાડ ફાઉન્ડેશન (ન્યુ દિલ્હી) દ્વારા પ્રતિવર્ષ યોજાતી નેશનલ સાયન્સ વિષયમાં લુર્ડઝ કોન્વેન્ટ પ્રા.શાળામાં ધોરણ ૪ સીમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કુ.દુર્વા બળવંતભાઈ કોસંબિયાએ શાળા કક્ષાએ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો તે બદલ શાળા પરિવારે તથા વાલી પરિવારે હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

નવસારી લોકસભા બેઠક માટે ભાજપના નિરીક્ષકો સમક્ષ ટિકિટ સંદર્ભે રજૂઆત

સાંસદ પાટીલને ફરી ટિકિટ આપવા અગ્રણીઓ-કાર્યકરોની માંગ : કરસન પટેલની પણ દાવેદારી

સુરત

ભારતીય જનતા પાર્ટી દ્વારા લોકસભા ૨૦૧૯ માટે રાજ્યની તમામ ૨૬ લોકસભા બેઠકો માટે જિલ્લા પ્રમાણે ચૂંટણી નિરીક્ષકો મોકલાવી લોકસભા ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારોની રજૂઆત સાંભળવાનો કાર્યક્રમ નક્કી કરાયો છે. દક્ષિણ ગુજરાતમાં આજે નવસારી કાલે સુરત અને ૧૫મી માર્ચના રોજ બારડોલી લોકસભા માટે નિરીક્ષકો રજૂઆતો સાંભળશે.

નવસારી લોકસભા બેઠક માટે આજે સવારથી કાલીયાવાડ સ્થિત અનાવિલ સંસ્કાર ટ્રસ્ટ ખાતે આવેલ નવસારી કમલમમાં ચૂંટણી નિરીક્ષક છત્રસિંહ મોરી, નિરંજન ઝાંઝમેરા અને દર્શના દેશમુખ દ્વારા રજૂઆતો સાંભળવામાં આવી હતી. સવારના સમયે નવસારી જિલ્લામાં આવતી જલાલપોર, ગણદેવી અને નવસારી વિધાનસભામાંથી વર્તમાન સાંસદ સી.આર. પાટીલના નામની મોટાભાગે રજૂઆતો થઈ છે. તે ઉપરાંત કરસનભાઈ પટેલની પણ રજૂઆત થઈ છે. બપોરે લંચ બાદ સુરત શહેરમાં આવતી ચોર્યાસી, મજુરા, ઉધના અને લીંબાયત જેવા વિસ્તારમાંથી રજૂઆતો સાંભળવામાં આવશે. ભાજપના કેટલાક કાર્યકરો દ્વારા નિરીક્ષકો સમક્ષ ચૂંટણી લડવાની તૈયારી દાખવી હતી. આવતીકાલે ૧૫મી માર્ચના રોજ સુરત લોકસભા માટે ઉધના સ્થિત કમલમ કાર્યાલયમાં રજૂઆતો સાંભળવામાં આવશે.

અમરોલી હળપતિવાસમાં રહેતા યુવક રામુભાઈ ગુમ

સુરત

અમરોલી પોલીસ સ્ટેશનના જણાવ્યાનુસાર તા.૨૦/૨/૨૦૧૯ના રોજ જુના હળપતિવાસ, અમરોલી ખાતે રહેતા ૨૨ વર્ષીય ધર્મેશભાઈ ઉર્ફે લાલુ રામુભાઈ રાઠોડ ઘરેથી કોઈને કહ્યા વગર કયાંક ચાલ્યા ગયા છે. જે શરીરે કોફી રંગનો શર્ટ તથા બ્લ્યુ રંગનું પેન્ટ પહેર્યુછે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવા જણાવાયું છે.

વણકર માર્કેટના વેપારી પાસેથી સાડીઓ ખરીદી તમીળના ૧૨ વેપારીઓની ઠગાઈ

તામિલનાડુના ૧૨ અને સુરતના ૨ વેપારીઓ વિરૂદ્ધ ફરિયાદ

સુરત

રિંગરોડ વણકર ટેક્ષટાઈલ માર્કેટમાં સાડીના વેપારી પાસેથી સાડીઓનો મસમોટો જથ્થો ખરીદી સમયસર નાણાં નહી ચૂકતે કરી રૂા.૭.૪૭ લાખનો ચૂનો ચોપડી તામિલનાડુના ૧૨ અને સુરતના બે આરોપીઓ ફરાર થઈ ગયા હોવાનો બનાવ સલાબતપુરા પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ભાવનગર જિલ્લાના વતની અને હાલમાં પુણા-સીમાડા રોડ શ્યામધામ ચોક સરસ્વતી વિભાગ-૨ ખાતે રહેતાં કૌશિકભાઈ મેદપરાની એક સાડીઓની દુકાન રિંગરોડ વણકર ટેક્ષટીલ માર્કેટમાં આવેલી છે. સુરત રિંગરોડ ઈન્ડીયા માર્કેટ ખાતેના બાલાચેની મુર્ગન, શ્રીનિવાસ દસારી, બલરામ, બાલારામન શેટ્ટી, બાલન વિનોદકુમાર બુરૂગુરૂ, મુરુગન થીમ્મારયપ્પા, દિયા મુરૂગન સહિત ૧૨ તામિલનાડુ ખાતે રહેતા આરોપીઓએ કૌશિકભાઈ મેદપરા પાસેથી ૩.૨૫ લાખ તથા તેમના મિત્રો પાસેથી ૪.૨૨ લાખ મળી કુલ ૭.૪૭ લાખનો સાડીઓનો જથ્થો ખરીદ કર્યો હતો. સમયસર નાણાં ચૂકતે કરી દેવાનું વચન આપી ખરીદ કરવામાં આવેલા જથ્થા બાદ તેઓ નાણાં નહી ચૂકતે કરી સાડીના વેપારી સાથે વિશ્વાસઘાત કરી ફરાર થઈ ગયા હતા. સલાબતપુરા પોલીસે વિશ્વાસઘાતનો ગુનો નોંધી ૧૪ આરોપીઓ સામે તપાસ શરૂ કરી છે.

બંગલાનો મુખ્ય ગેટ તૂટી પડતા ૬ વર્ષની બાળકીનું મોત નીપજ્યું

સુરત

સુરતમાં બંગલાનો મુખ્ય ગેટ તૂટી પડતા બાળકી દબાઈ હોવાની ઘટના બની હતી. જેમાં બાળકીનું મોત નીપજ્યુ હતું. બાળકીને સારવાર માટે લઈ જવાઈ હતી જોકે તબીબોએ તેને મૃતજાહેર કરી હતી. મળતી માહિતી પ્રમાણે સુરતના ઉમરા વિસ્તારમાં ઈચ્છાનાથ નહેરુનગરમાં આવેલા બંગલા નંબર ૨૩-બીના મુખ્ય ગેટ નીચે મહારાષ્ટ્રીયન પરિવારની ૬ વર્ષની બાળકી રમી રહી હતી. ત્યારે અચાનક બંગલાના મખ્ય ગેટ તૂટી પડ્યો હતો. ગેટના કાટમાળ નીચે ગૌરી ખેરનાર દબાઈ હતી. જેના પગલે તેને ગંભીર ઈજાઓ પહોંચતા બેભાન થઈ ગઈ હતી. માતા-પિતાને આ અંગે જાણ થતાં તાબતડતોબ સ્થળ ઉપર આવીને બાકીને કાટમાળમાંથી બહાર કાઢીને હોસ્પિટલ લઈ જવાઈ હતી. જોકે હોસ્પિટલમાં ફરજ પર હાજર તબીબોએ ગૌરીને મૃતજાહેર કરી દીધી હતી. સુત્રોના જણાવ્યા પ્રમાણે બાળકી તેના મિત્રો સાથે રમી રહી હતી. તે સમયે આ ઘટના બની હતી. અને મહારાષ્ટ્રનો પરિવાર પોતના ગુજરાન કરવા માટેસુરત આવ્યો હતો. જ્યાં મજૂરી કામ કરીને પેટ્યું રળતું હતું. ઘટનાની જાણ થતાં ઉમરા પોલીસની ટીમ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. અને બાળકીના મૃતદેહને પીએમ માટે મોકલાયો હતો. સાથે સાથે આગળની કાર્યવાહી હાથધરી હતી.

ચીન આ પ્રસ્તાવને રોકવાની નીતિ ચાલુ રાખશે તો દેશો અન્ય એક્શન પર પર મજબૂર થઈ શકે

મસૂદ અઝહર વિવાદઃ ચીનના વલણથી યુએનના ૪ સ્થાયી સભ્યો નારાજ

યુએન

પુલવામા આતંકી હુમલા બાદ આતંકી સંગઠન જૈ શ-એ -મો હમ્મદના સરગના મસૂદ અઝહરને ગ્લોબલ આતંકી જાહેર કરવાના પ્રસ્તાવ પર ચીને ફરી એકવખત સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં અડિંગો લગાવી દીધો છે. આ ચોથો મોકો હતો જ્યારે ચીને વીટો પાવરનો ઉપયોગ કરી પ્રસ્તાવને ફગાવી દીધો. પરંતુ આ વખતે સુરક્ષા પરિષદના સભ્ય અન્ય વિકલ્પો પર પણ વિચાર કરી શકે છે. ચીને આ પ્રસ્તાવનો વિરોધ કર્યો. પરંતુ ભારત માટે એ મોટી વાત છે કે બીજા ૪ સ્થાયી સભ્યો અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, અને રશિયા એ મસૂદ પર પ્રતિબંધનું સમર્થન કર્યું.

સુરક્ષા પરિષદના જવાબદાર સભ્યો એ ચીનને ચેતવણી આપતા કહ્યું છે કે જો તમે તમારી આ નીતિ પર જ કાયમ રહો છો તો પણ અન્ય કાર્યવાહી પર વિચાર કરી શકાય છે. સુરક્ષા પરિષદના એક ડિપ્લોમેટે ચીનને ચેતવણી આપતા કહ્યું કે જો ચીન આ પ્રસ્તાવને રોકવાની નીતિ ચાલુ રાખે છે તો બીજા જવાબદાર સભ્ય સુરક્ષા પરિષદમાં અન્ય એકશન લેવા પર મજબૂર થઈ શકે છે. આવી સ્થિતિ ઉભી થવી જોઈએ નહીં.

આકરી ભાષાનો ઉપયોગ કરતાં અમેરિકાએ કહ્યું કે જો આ રીતે ચીન મસૂદ અઝબરને ગ્લોબલ આતંકી જાહેર કરવાથી બચતું રહ્યું તો સુરક્ષા પરિષદના અન્ય દેશોને આકરું વલણ અપનાવું પડશે. પરંતુ સ્થિતિ ત્યાં સુધી આવવી જોઈએ નહીં.

વિદેશપ્રધાન સુષ્મા સ્વરાજે પાક.વડાપ્રધાનને રોકડું પરખાવ્યુ

ઈમરાન ખાન ઉદાર હોય તો આતંકી મસૂદ અઝહર ભારતને સોંપેઃ સુષ્મા સ્વરાજ

જ્યાં સુધી પાકિસ્તાન તેમની જમીન પર આતંકીઓ અને આતંકી અડ્ડાઓ ઉપર કાર્યવાહી નહીં કરે ત્યાં સુધી ભારત તેમની સાથે કોઈ વાતચીત નહીં કરે,કોઈ પણ હુમલો થયો તો ભારત ચૂપ રહેશે નહિં



ન્યુ દિલ્હી

વિદેશ પ્રધાન સુષમા સ્વરાજે પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાનને રોકડું પરખાવી દીધુ છે. તેમણે કહ્યું કે જો તમે એટલા જ ઉદાર હોવ તો આતંકી મસૂદ અઝહરને ભારતને સોંપી દો. વિદેશ પ્રધાને પાકિસ્તાન સાથે કોઈ પણ પ્રકારની વાતચીતને ફગાવતા કહ્યું કે જ્યાં સુધી પાકિસ્તાન તેની ધરતીથી સંચાલિત થઈ રહેલા આતંકી સંગઠનો વિરુદ્ધ કાર્યવાહી નહીં કરે ત્યાં સુધી ભારત તેની સાથે કોણ પ્રકારની વાતચીત નહીં કરે. બુધવારે ઈન્ડિયાઝ વર્લ્ડ: મોદી ગવર્મેન્ટસ ફોરેન પોલીસી પર વાતચીતમાં કહ્યું કે પાકિસ્તાને વારંવાર દ્વિપક્ષીય સંબંધોને બરબાદ કરવા પર ઉતારુ થઈ ગયેલા આઈએસઆઈ અને પોતાની સેનાને કાબુમાં લેવાની જરૂર છે.

તેમણે કહ્યું કે "જો ઈમરાન ખાન એટલા ઉદાર હોય, અને રાજનેતા હોય તો તેમણે મસૂદ અઝહરને અમને સોંપી દેવો જોઈએ." વિદેશ મંત્રીએ કહ્યું કે ભારતના પાકિસ્તાન સાથે સારા સંબંધ થઈ શકે છે પરંતુ શરત એ છે કે પાડોશી દેશ, "પોતાની ધરતી પર આતંકી સમૂહો વિરુદ્ધ કાર્યવાહી કરે.

વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજે બુધવારના રોજ કહ્યું કે પુલવામા હુમલા બાદ તેમણે કેટલાંય દેશોને અવગત કરાવી દીધા કે ભારત, પાકિસ્તાનની સાથે સ્થિતિને બગડવા દેવાશે નહીં. પરંતુ એ દેશથી કોઈ પણ હુમલો થયો તો તેઓ ચુપ રહેશે નહીં. મોદી સરકારની વિદેશ નીતિ પર એક થિંક ટેન્કને સંબોધિત કરતાં તેમણે કહ્યું કે પાકિસ્તાનને ચિંતા છે કે ભારત સ્થિતિને ખરાબ કરશે અને આ મુદ્દા પર કેટલાંય વિદેશ મંત્રીઓની સાથે તેમનો સંવાદ થયો.

મોદી ગવર્નમેન્ટસ ફોરેન પૉલિસી' પર વાતચીતમાં તેમણે કહ્યું કે પાકિસ્તાને આઈએસઆઈ અને પોતાની સેના પર નિયંત્રણ કરવાની જરૂર છે. જે વારંવાર દ્વિપક્ષીય સંબંધોને બરબાદ કરવા પર તુલા છે. તેમણે કહ્યું કે અમે આતંકવાદ પર વાત ઈચ્છતા નથી, અમે તેના પર કાર્યવાહી ઈચ્છીએ છીએ. આતંક અને વાતચીત સાથે-સાથે થઈ શકે નહીં.

સ્વરાજને ભારત દ્વારા બાલાકોટમાં જ કરાયેલ ભારતીય એરપોર્ટ કાર્યવાહી પછી પાકિસ્તાની પલટવાર અંગે પણ પ્રશ્ન પૂછાયો. તેના પર તેમણે કહ્યું કે ભારતે ખાસ કરીને આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદના ઠેકાણાને નિશાન બનાવ્યું. તેમણે કહ્યું કે જૈશની તરફથી પાકિસ્તાની સેનાએ અમારા પર હુમલો કેમ કર્યો? તમે માત્ર જૈશને તમારી જમીન પર પોષી રહ્યા નથી પરંતુ તેને નાણાંકીય પોષણ પણ આપી રહ્યા છો અને જ્યારે પીડિત દેશ પ્રતિરોધ કરે છે તો તમે આતંકી સંગઠનની તરફથી તેના પર હુમલો કરો છો. તેમણે કહ્યું કે જો ઈમરાન ખાન (પાકિસ્તાની વડાપ્રધાન) આટલા ઉદાર છે અને રાજનય છે તો તેમણે મસૂદ અઝહરને સોંપી દેવો જોઈએ.

સુપ્રીમ કોર્ટે સરકારના વિશેષાધિકારના દાવા પર ચુકાદો સુરક્ષિત રાખ્યો

સરકારે સ્વીકાર્યુ : કેગ રિપોર્ટમાં રાફેલના ૩ પાના સામેલ નહોતા કરાયા



ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટમાં ગુરુવારે રાફેલ ડીલ પર પુનઃવિચાર પિટિશન પર સુનાવણી થઈ. કોર્ટમાં સુનાવણી દરમિયાન એટોર્ની જનરલ કેકે વેણુગોપાલે કહ્યું કે CAGનો જે રિપોર્ટ કોર્ટમાં દાખલ કરવામાં આવ્યો હતો, તેમાં કેટલાક દસ્તાવેજ નહોતા. રિપોર્ટમાં શરૂઆતના ત્રણ પાના સામેલ નહોતા. તેની પર ચીફ જસ્ટિસ રંજન ગોગોઈએ કહ્યું કે તમે દસ્તાવેજોના વિશેષાધિકારની વાત કરી રહ્યા છો. પરંતુ તેના માટે તમારે યોગ્ય તર્ક રજૂ કરવા પડશે. રાફેલ ડીલ પર સરકાર દ્વારા જે નવા દસ્તાવેજ જમા થવાના છે તેની પર સુપ્રીમ કોર્ટે પોતાનો ચુકાદો સુરક્ષિત રાખ્યો છે.

કેન્દ્રે રાફેલ યુદ્ધ વિમાનો સંબંધિત દસ્તાવેજો પર વિશેષાધિકારનો દાવો કર્યો હતો અને સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે પુરાવા અધિનિયમનની જોગવાઈઓ અંતર્ગત કોઈપણ સંબંધિત વિભાગની મંજૂરી વગર આ કાગળો રજૂ કરી શકાય નહીં. એટોર્ની જનરલે જણાવ્યું કે કોઈપણ વ્યક્તિ રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલા દસ્તાવેજો પ્રગટ નથી કરી શકતું અને રાષ્ટ્રની સુરક્ષા સૌથી ઉપર છે.

વકીલ પ્રશાંત ભૂષણે કોર્ટને જણાવ્યું કે રાફેલના જે દસ્તાવેજો પર એટોર્ની જનરલ વિશેષાધિકારનો દાવો કરે છે તે પ્રગટ થઈ ચૂક્યા છે અને સાર્વજનિક દાયરામાં છે. તેમણે જણાવ્યુંકે માહિતી અધિકારના કાયદાની જોગવાઈ મુજબ જનહિત અન્ય બાબતોથી સર્વોપરી છે અને ગુપ્ત એજન્સીઓ સંલગ્ન દસ્તાવેજો પર કોઈ પ્રકારનો વિશેષાધિકારના દાવો કરી શકાય નહીં.

ભારતની પાકિસ્તાન પાસે માંગ, કરતારપુર સાહિબ વીઝા ફ્રી રાખો

ન્યુ દિલ્હી

કરતારપુર સાહિબ યાત્રા પર ભારતે પાકિસ્તાનને વીઝા ફ્રી યાત્રાની માંગ કરી છે. અટારીમાં યોજાયેલી બેઠક બાદ ભારતીય ડેલિગેશને મીડિયાને જણાવ્યું કે ભારતે પાકિસ્તાનને કરતારપુર સાહિબ જનારા શ્રદ્ધાળુઓ માટે વીઝા વગર યાત્રા કરવાની માંગ કરી છે. સાથોસાથ ભારતે પાકિસ્તાનને કહ્યું છે કે તેઓ રોજના ૫૦૦૦ તીર્થયાત્રીઓને દર્શન કરવા માટે મંજૂરી આપે. મોટા અને મહત્વપૂર્ણ અવસરે ૧૦૦૦૦ તીર્થયાત્રીકોને કરતારપુર સાહિબ જવાની મંજૂરી મળે.

આપને જણાવીએ ગુરુદ્વારા કરતારપુર સાહિબ માટે કોરિડોર તૈયાર કરવા માટે ગુરુવારે અટારીમાં ભારત અને પાકિસ્તાનની વચ્ચે પહેલી સચિવ સ્તરીય બેઠક થઈ. ત્યારબાદ અધિકારીઓએ જણાવ્યું કે કોરિડોરના એગ્રીમેન્ટમાં સામેલ વિભિન્ન મુદ્દાઓ પર બંને દેશ મળીને કાક કરવા માટે તૈયાર છે. બેઠકમાં કોરિડોર ટેકનીકલ પોઈન્ટ ઉપર પણ ચર્ચા થઈ. આ મુદ્દે બીજી બેઠક ૨ એપ્રિલે વાઘામાં થશે.

આ મુદ્દે બંને દેશોની બેઠક પહેલા પાકિસ્તાને ભારતને ૫૯ પાનાનો એક દસ્તાવેજ મોકલ્યો હતો. જેમાં પાકિસ્તાન તરફથી ૧૪ ભલામણો કરવામાં આવી છે. પાકિસ્તાને કહ્યું છે કે કોરિડોરને મુખ્ય હેતુ કરતારપુરમાં ભારતીય તીર્થયાત્રીઓ માટે વીઝા મફત યાત્રાની સુવિધા આપવાની છે. તેના માટે બંને પક્ષોએ (ભારત તથા પાકિસ્તાન) સક્રિય થવું જોઈએ. જો ભારત આ ભલામણો પર રાજી થઈ જાય છે તો આ સમજૂતી લાગી થઈ જશે.

નેતરામે ૯૫ કરોડ રૂપિયાના નકલી શેર કેપિટલથી છ પ્રોપર્ટી પણ ખરીદી હતી

રિટાયર્ડ આઈએએસ પાસેથી ૫૦ લાખની પેન સહિત ૨૫૦ કરોડની સંપતિ મળી

ન્યુ દિલ્હી

બહુજન સમાજ પાર્ટીના સુપ્રીમો માયાવતીના સચિવ રહેલા રિટાયર્ડ IAS નેતરામના ઘર પર જ્યારે ઈક્મ ટેક્સ વિભાગે દરોડા પાડ્યા તો અધિકારીઓને નવાઈ લાગી. રેડમાં ૨૦૦ કરોડથી વધુની સંપતિ સહિત એટલી મોંઘી ચીજો મળી કે ઈક્મ ટેક્સ અધિકારીઓ પણ આ બાબતને માનવા તૈયાર નથી.

રેડમાં એક ડાયરી પણ ઈક્મ ટેક્સ વિભાગને મળી છે. તેની અંદ ૨૫૦ કરોડની સંપતિની માહિતી છે. રેડ દરમિયા ૫૦ લાખની કિંમતની એક મોંટ બ્લાંક પેન પણ મળી છે. આ સિવાય ડિપાર્ટમેન્ટને શેલ કંપનીઓના કાગળો પણ મળ્યા છે. નેતરામે ૯૫ કરોડ રૂપિયાના નકલી શેર કેપિટલ દ્વારા છ પ્રોપર્ટી પણ ખરીદી હતી. જેમાંથી એક દિલ્હીના લુટિયંસ ઝોનમાં કેજી માર્ગ અને બીજી દક્ષિણ દિલ્હીના પોશ વિસ્તાર જીકે-૧માં આવેલી છે. એક સંપતિ મુંબઈ અને ત્રણ કોલકતામાં પણ છે. આઈટી વિભાગની કાર્યવાહી હજુ પણ ચાલું જ છે. સૂત્રોનું કહેવું છે કે સંપતિઓનો હાલ ખુલાસો થયો નથી. તપાસ ચાલી રહી છે. ઝડપથી આ અંગે માહિતી પ્રકાશમાં આવશે. ઉલ્લેખનીય છે કે નેતરામ બસપા અધ્યક્ષ માયાવતીની નજીકની વ્યક્તિ છે. જયારે માયાવતી ઉતર પ્રદેશની મુખ્યમંત્રી હતી ત્યારે નેતરામનું નામ હતું. ૯૭૯ની બેચના આઈએએસ નેતરામ તત્કાલીન મુખ્યમંત્રીના મુખ્ય સેક્રેટરી રહેવાની સાથે-સાથે ઘણાં મહત્વપૂર્ણ પદોની જવાબદારી સંભાળી છે. તેમની ગણતરી બસપા સરકારમાં ખૂબ જ વગ ધરાવતા અધિકારીઓમાં કરવામાં આવે છે.

દેશમાં પ્રથમવાર પોલિયોની રસી પીધા બાદ એક બાળકનું મોત

બાંદા

ઉત્તર પ્રદેશના બાંદા જિલ્લામાં એક ૯ મહિનાની બાળકીનું કથિત રીતે પોલિયોની રસી પીધા બાદ મોત થયું છે. બાંદાના ડીએમ એચ લાલે કહ્યું કે, આ દુર્ભાગ્યપૂર્ણ છે. આ પહેલો મામલો છે, જ્યારે પોલિસીની રસીથી કોઈ બાળકનું મોત થયું છે. ડીએમ એચ લાલે મામલાની તપાસ માટે એક સમિતિની રચના કરી દીધી છે. તેઓએ કહ્યું કે તપાસમાં જે પણ દોષી પુરવાર થશે, તેની પર યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ભારતમાં ૧૩ જાન્યુઆરીના રોજ ભારતમાં છેલ્લો પોલિયોનો કેસ સામે આવ્યો હતો. ત્યારબાદ ૨૭ માર્ચ ૨૦૧૪ના રોજ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને ભારતને પોલિયો મુક્ત દેશ જાહેર કર્યો હતો.

ગુજરાતના ખૂણે-ખૂણે જનસભા કરી પાર્ટી માટે પ્રચાર કરશે

કોંગ્રેસનું મિશન લોકસભાઃ રાહુલ ગાંધી ફરી આવશે ગુજરાત, સંબોધશે ૧૦ જનસભા

ન્યુ દિલ્હી

લોકસભા ચૂંટણી ૨૦૧૯ની તારીખો જાહેર થયા બાદ તમામ રાજકીય પાર્ટીઓ દ્વારા પ્રચાર અને રાજકીય રણનીતિ ઘડવામાં આવી રહી છે, ત્યારે કોંગ્રેસ પાર્ટીએ ગુજરાતમાં CWCની બેઠક યોજી પ્રચારની શરૂઆત કરી હતી. આ બેઠક બાદ હવે ફરીથી રાહુલ ગાંધી ગુજરાત પ્રવાસે આવશે તેવી માહિતી મળી રહી છે.

રાહુલ ગાંધી આગામી દિવસોમાં ફરીથી ગુજરાત આવશે અને તેઓ અહીં ૧૦ જનસભા સંબોધશે. ખાસ કરીને તેઓ ગુજરાતના ચાર ઝોનમાં બે-બે સભા યોજશે. ઉપરાંત કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ પણ ગુજરાત આવી પાર્ટી માટે પ્રચાર કરશે.

કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓની સાથે પ્રદેશના નેતાઓ પણ ચૂંટણી પ્રચાર કરશે. કોંગ્રેસના પ્રદેશ નેતાઓ રાજયભરમાં ૧૦૦થી વધુ જનસભાઓ ગજવશે. ગુજરાતના ખૂણે-ખૂણે જનસભા યોજી તેઓ પાર્ટી માટે પ્રચાર કરશે. આટલું જ નહીં, પ્રિયંકા ગાંધીને ફરી ગુજરાત આવવા માટે પ્રદેશ કોંગ્રેસે આમંત્રણ આપ્યું છે. ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસના મહાસચિવ બન્યા બાદ પ્રિયંકા ગાંધીએ પહેલીવાર અમદાવાદમાં જનસંકલ્પ રેલીમાં જાહેર ભાષણ આપ્યું હતું. CWCની બેઠક માટે સોનિયા ગાંધી, મનમોહનસિંહ, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી સહિતના કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓ અમદાવાદ ખાતે ઉપસ્થિત રહ્યાં હતાં.

ફડણવીસે માતોશ્રીમાં ઉદ્ધવ સાથે ચર્ચા કરી

લોકસભા ચૂંટણીઃ ૨૪ માર્ચે ભાજપ-શિવસેનાની કોલ્હાપુરમાં જાહેરસભા યોજાશે

મુંબઈ

લોકસભાની ચૂંટણી માટે પ્રચારની રણનીતિ ઘડવા તેમ જ ચૂંટણી પ્રચારના શ્રીગણેશ ક્યારથી કરવા તેની ચર્ચા કરવા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ માતોશ્રી પહોંચ્યા હતા, જ્યાં તેમણે શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે સાથે ચર્ચા કરી હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે યુતિના ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કોલ્હાપુરના અંબાબાઈના ચરણમાં થશે. આ માટે ભાજપ અને શિવસેનાની ૨૪ માર્ચે કોલ્હાપુરમાં જાહેરસભા થશે. બંને પક્ષના મોવડીઓ આ પ્રચારસભાને સંબોધી ચૂંટણી પ્રચારની શરૂઆત કરશે. મુખ્ય પ્રધાન ફડણવીસ અને ઉદ્ધવ ઠાકરે કોલ્હાપુરના અંબાબાઈના દર્શન કરી આશીર્વાદ મેળવી ચૂંટણી સભા ગજવશે. મહાલક્ષ્મીના દર્શન કરી યુતિ તેની દંદુભી વગાડશે. માતોશ્રીની બેઠકમાં કોલ્હાપુર ઉપરાંત નવી મુંબઈ, પુણે, નાશિક, ઔરંગાબાદ સહિત અન્ય સ્થળોએ જાહેરસભાની પણ ચર્ચા થઈ હતી. લોકસભાની રાજ્યની ૪૮ બેઠકમાંથી ભાજપ ૨૫ અને શિવસેના ૨૩ બેઠક પર તેના ઉમેદવારો ઊભા રાખશે.

આ બેઠકમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે ચૂંટણી પ્રચારસભામાં એક મંચ પર આવશે તેની પણ ચર્ચા થઈ હતી. આ બેઠકમાં આદિત્ય ઠાકરે, ચંદ્રકાંત પાટીલ, સુભાષ દેસાઈ, મિલિંદ નાર્વેકર, સુધીર મુનગંટીવાર પણ હાજર હતા. એક બાજુ બેઠકોની વહેંચણીની બાબતે યુતિમાં સહમતી સધાઈ છે, પરંતુ આઘાડીના ઘટક પક્ષો કૉંગ્રેસ - એનસીપીમાં હજુ ચર્ચા જ ચાલે છે.

ફેસબુક-ઈન્સ્ટાગ્રામનું સર્વર ૧૦ કલાક ડાઉન રહેતા કરોડો યૂઝર્સ અટવાયા

સાન ફ્રાન્સિસ્કો

ફેસબુક અને ઈન્સ્ટાગ્રામે ૧૦ કલાક ડાઉન રહ્યા બાદ હવે યોગ્ય રીતે કામ કરવાનું શરૂ કરી દીધું છે. ઈન્સ્ટાગ્રામે ગુરૂવારે સવારે ૧૦.૧૦ કલાકે આ માહિતી આપી છે.

બુધવાર રાતથી યુઝર ફેસબુક અને ઈન્સ્ટાગ્રામને એક્સેસ કરી શકતા ન હતા. ટ્વિટર દ્વારા યુઝર આ અંગેની ફરિયાદ કરી રહ્યાં હતા. યુઝર્સનું એમ કહેવું હતું કે તેઓ એક્સેસ ન કરી શકતા નથી અથવા તો એપ્લિકેશન્સ સંપૂર્ણ રીતે કામ કરી રહી નથી. ઘણાં વિસ્તારોમાં વોટ્સએપ યુઝર્સ પાસેથી પણ ફરિયાદો મળી હતી.

ફેસબુક અને ઈન્સ્ટાગ્રામે આ મામલે જણાવ્યું હતું કે તેમની ટીમ આ સમસ્યા દૂર કરવા પર કામ કરી રહી છે. ફેસબુકે આ બાબતે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે તેના નેટવર્ક પર કોઈ સાઈબર હુમલો થયો નથી. વેબસાઈટ ડાઉનડિટેક્ટર ડોટ કોમના જણાવ્યા પ્રમાણે ઉતર અમેરિકા અને યુરોપના ફેસબુક યુઝર્સને સૌથી વધુ મુશ્કેલીઓ થઈ હતી.

ડાંગ દરબારના ભાતિગળ મેળા સાથે આહવા ખાતે યોજાશે ત્રીજો ઈકો મેળો

પર્યાવરણિય કૃતિઓનું નિદર્શન કરાશે

આહવા

પ્રતિ વર્ષ હોળી/ધૂળેટી સમીપે ડાંગ જિલ્લાના મુખ્ય વહિવટી મથક આહવા ખાતે યોજાતા ડાંગ દરબારના ભાતિગળ લોકમેળા દરમિયાન, ગીર ફાઉન્ડેશન-ગાંધીનગર તથા ડાંગ વન વિભાગ, અને શિક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાતા ઈકો મેળામાં, આ વર્ષે જિલ્લાની પ્રાથમિકથી લઈને ઉચ્ચત્તર માધ્યમિક સુધીની કુલ-૩૨ શાળાઓ ભાગ લેશે.

જિલ્લા શિક્ષણાધિકારી શ્રી મણીલાલ ભુસારાના જણાવ્યા અનુસાર આહવા ખાતે યોજાનારા આ ત્રીજા ઈકો મેળામાં પસંદગીની ૩૨ શાળાઓ દ્વારા પર્યાવરણિય કૃતિઓના નિદર્શન સાથે ઈકો ક્લબની પ્રવૃત્તિઓની ઝાંખી રજુ કરાશે. ભાગ લેનારી શાળાઓ પૈકી શ્રેષ્ઠ નિદર્શન રજુ કરનારી પ્રથમ ત્રણ શાળાઓને રોકડ પારિતોષિકો પણ એનાયત કરાશે. આહવા તાલુકા શાળાના પટાંગણામાં તા.૧૬/૩/૨૦૧૯નાં રોજ સવારે ૯:૩૦ થી સાંજના ૫ વાગ્યા સુધી આયોજિત એક દિવસીય ઈકો મેળાની મુલાકાતે આહવા નગરની તમામ શાળાઓને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આ ઈકો મેળાને ગીર ફાઉન્ડેશનના નિયામક શ્રી મહેતા સહિત વન વિભાગ અને શિક્ષણ વિભાગના ઉચ્ચાધિકારીઓ દ્વારા ખુલ્લો મુકાશે.

તંત્રી સ્થાનેથી...

જાતિય ગણતરીની તરફ

વસ્તી ગણતરીમાં બેકવર્ડ સમુદાય સાથે જોડાયેલા આંકડાને સામેલ કરવા માટેની માંગને સ્વીકાર કરીને કેન્દ્ર સરકારે અનામતની વ્યવસ્થાને વધારે નક્કર બનાવવા માટેની તૈયારી શરૂ કરી છે. ધ્યાન રાખવા માટેની બાબત એ છે કે ૧૯૩૧ બાદથી દેશમાં એવી કોઇ ગણતરી કરવામાં આવી નથી જેમાં જાતિ સંબંધી આંકડા સામેલ કરવામાં આવ્યા છે. જ્યારે વીપી સિંહની સરકાર હતી ત્યારે મંડળ પંચની ભલામણ મુજબ અન્ય પછાત જાતિ (ઓબીસી) માટે ૨૭ ટકાના અનામતની વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યારબાદથી જ સવાલ ઉઠાવવામાં આવી રહ્યા છે કે આખરે આ અનામતની મર્યાદા માટે આધાર શુ છે. આ જ અનિશ્ચિતાને મુદ્દા તરીકે બનાવીને ઓબીસી સમુદાય તરફથી આ માંગ કરવામાં આવતી રહી છે કે વસ્તી ગણતરીના આંકડામાં જાતિ સંબંધી આંકડાને પણ સામેલ કરવામાં આવે. આ સમુદાયના લોકોનો દાવો છે કે તેમની વસ્તી કુલ વસ્તીના ૫૦ ટકા કરતા વધારે છે. આ દ્રષ્ટિથી ૨૭ ટકા અનામતની જોગવાઇ યોગ્ય નથી. આવી જ માંગના પ્રભાવમાં અગાઉની યુપીએ સરકારે આદેશ કર્યા બાદ વર્ષ ૨૦૧૧-૧૩ દરમિયાન સામાજિક-આર્થિક જાતિની ગણતરી કરવામાં આવી હતી. જો કે એ વખતે તમામ જાતિના આંકડા જારી કરવામાં આવ્યા ન હતા. હજુ સુધી આ આંકડા જારી કરી શકાયા નથી. આના કેટલાક કારણો રહેલા છે. તે પૈકી એક કારણ એ છે કે જાતિ સંબંધી આ આંકડા એટલા જટિલ અને વિવિધતાપૂર્વકના છે કે તેમને વર્ગીકૃત કરવાની બાબત સરળ દેખાઇ રહી નથી. કહેવામાં આવે છે કે ૪૬ લાખ જેટલી જાતિ અને પેટા જાતિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આવી સ્થિતીથી બચવા માટે વર્ષ ૨૦૨૧માં જનગણના કર્મચારીઓને પહેલાથી જ વર્ગીકૃત ફાર્મ સોંપવાની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. જો કે આમાં કોઇ બે મત નથી કે મોદી સરકારનુ આ પગલુ ઓબીસી સમુદાયમાં તેમના અવિશ્વાસને ઓછુ કરી શકે છે. આખરે યુપીએ સરકાર વસ્તી ગણતરી વેળા જાતિય સમુદાયના આંકડા જારી કરી શકી ન હતી. મોદી સરકાર આ દિશામાં આગળ ળદી રહી છે. મોદી સરકાર તમામ માર્ગ હળવા કરી રહી છે. ખાસ બાબત તો એ છે કે સરકાર આ બાબતને વર્ષ ૨૦૧૭માં રચવામાં આવેલા ઓબીસી પંચન સાથે જોડીને આગળ વધવા માટે ઇચ્છુક છે. ઓબીસી સમુદાયમાં ક્યા હિસ્સા સુધી કેટલા અનામતના લાભ પહોંચ્યા છે તે બાબતની માહિતી મેળવી લેવાના પ્રયાસ હવે શરૂ કરવામાં આવ્યા છે. ક્યા હિસ્સાના લોકો લાભથી વંચિત છે તે જાણવા માટેના પ્રયાસ હવે ચાલી રહ્યા છે. એવી આશા રાખી શકાય છે કે આ કવાયત અનામતની વ્યવસ્થાને વધારે તર્કસંગત બનાવી દેવામાં અને પારદર્શક તરીકે રજૂ કરવામાં ફાયદાકારક સાબિત થઇ શકે છે. મોદી સરકાર આ મામલે પણ હિમ્મતપૂર્વક આગળ વધવાના સંકેત આપી રહી છે. લોકસભાની ચૂંટણી આડે વધારે સમય નથી ત્યારે આ હિલચાલ પર પણ તમામની નજર રહેશે. આંકડામાં રહેલી દુવિધા ઓછી થાય તે ખુબ જરૂરી છે. સાહસ સાથે આગળ વધવાની જરૂર દેખાઇ રહી છે. સાહસી નિર્ણય સ્વાગતરૂપ છે. જો કે આમાં તકલીફ હજુ છે.

કેન્દ્ર સરકાર અનામતની વ્યવસ્થાને વધારે નક્કર તેમજ મજબુત બનાવવા તૈયાર છે

ઓસ્ટ્રેલિયા સામે ઘરઆંગણે વનડે શ્રેણી હારી જતા પ્રશ્નો...

વર્લ્ડ કપ પૂર્વે ટીમ ઇન્ડિયા પર સવાલ

ભારતીય ટીમના પ્રવાસી ઓસ્ટ્રેલિયાની સામે હાલમાં પુરી થયેલી ટ્વેન્ટી અને વનડે શ્રેણીમાં નિરાશાજનક દેખાવના કારણે કરોડો ક્રિકેટ ચાહકોમાં ભારે નિરાશા છે. સાથે સાથે વર્લ્ડ કપને લઇને ચાલી રહેલી તૈયારીને લઇને પણ પ્રશ્નો ઉઠવા લાગી ગયા છે. જે રીતે ભારતીય ટીમે આ શ્રેણીમાં રમત રમી છે તે જોતા કોઇ રીતે કહી શકાય નહીં કે ભારતીય ટીમ વર્લ્ડ કપમાં ફેવરીટ ટીમ તરીકે રહેશે. ખેલાડીઓની અંતિમ ઇલેવનમાં પસંદગી અને તેમની કુશળતાને લઇને પણ પ્રશ્નો થઇ રહ્યા છે. ટીમ ઇન્ડિયાના કેપ્ટન વિરાટ કોહલીએ દિલ્હીમાં રમાયેલી છેલ્લી મેચ વેળા ટોસ કરવામાં આવ્યો ત્યારે કહ્યુ હતુકે વર્લ્ડ કપ માટે અમારી પ્લેઇંગ ઇલેવન બિલકુલ નજીક છે. જ્યારે ફિરોજશાહ કોટલા મેદાન ખાતે રમાયેલી મેચમાં યજમાન ભારતની ઓસ્ટ્રેલિયાની સામે ૩૫ રને હાર થઇ હતી. આ હાર થયાબાદ પ્રશ્નો ઉઠવા લાગી ગયા છે. ઓસ્ટ્રેલિયાએ તો ઇતિહાસ સર્જી દીધો છે. આ પહેલા ઓસ્ટ્રેલિયાએ વર્ષ ૨૦૦૯માં દ્વિપક્ષીય વનડે શ્રેણી જીતી લીધી હતી. એટલુ જ નહીં પ્રવાસી ટીમ બે શુન્યથી પાછળ રહી ગયા બાદ હજુ સુધી કોઇ શ્રેણી જીતી શકી ન હતી. પરંતુ આ વખતે ઓસ્ટ્રેલિયાએ આ ઇતિહાસ પણ સર્જી દીધો છે. બીજી તરફ ભારતની સાથે બીજી વખત આવ્યુ બન્યુ છે જ્યારે ટીમે ૨-૦ની લીડ મેળવી લીધા બાદ ટીમની હાર થઇ છે. ૩૦મી મેથી વર્લ્ડ કપની શરૂઆત થઇ રહી છે ત્યારે ટીમની પસંદગીને લઇને પૂર્વ ક્રિકેટરો અને જાણકાર ચાહકો પણ પ્રશ્ન ઉઠાવી રહ્યા છે. છેલ્લી મેચમાં રમવા માટે જે ઇલેવન મેદાનમાં ઉતરી હતી. જે જીતવા માટે દેખાઇ જ રહી ન હતી. વર્લ્ડ કપ પહેલા હવે ભારતીય ટીમ કોઇ શ્રેણી રમનાર નથી. આવી સ્થિતીમાં તેની સામે જોરદાર તૈયારી કરવાની બાબત પણ પડકારરૂપ છે. ગૌતમ ગંભીર સહિતના ખેલાડીઓએ મેચ દરમિયાન જ ફોર્મમાં રહેલા ખેલાડીઓને



ભારતીય ટીમે જે રીતે બેટિંગ અને બોલિંગ કરીને તેને જોઇને ચાહકો ભારે નિરાશ-નારાજ : પસંદગીને લઇને પણ પ્રશ્નો ઉઠવા લાગી ગયા

આરામ આપવા અને સાથે સાથે વારંવાર ટીમમાં ફેરફાર કરવાને લઇને પ્રશ્નો ઉઠાવ્યા હતા. આગામી મહિનામાં ૨૩મી એપ્રિલ સુધી ભારતીય ટીમની યાદી સોંપી દેવાનો સમય છે. આવી સ્થિતીમાં ૪૦ દિવસના ગાળામાં જ કેપ્ટન વિરાટ કોહલી અને કોચ રવિ શાસ્ત્રીને કોઇ નિર્ણય લેવા પડશે. ભારતની કમજોર બેટિંગ લાઇન અને નબળી બોલિંગ પણ વર્તમાન શ્રેણીમાં દેખાઇ આવી છે. જેમાં વ્યાપક સુધારા કરવાની હવે જરૂર દેખાઇ રહી છે. દુનિયાની નંબર બે ટીમ વનડેમાં ગણાતી ભારતીય ટીમ સ્થાનિક વિકેટો પર પણ પ્રવાસી ટીમ કરતા નબળી સાબિત થઇ હતી. આવી સ્થિતીમાં વિદેશમાં સારા દેખાવને લઇને પ્રશ્નો થાય તે સ્વાભાવિક છે. વનડેમાં છેલ્લા બે વર્ષના દેખાવની વાત કરવામાં આવે તો ભારતીય ટીમ લક્ષ્યાંકનો પીછો કરતા ૧૦ પૈકી સાતમાં જીતી ગઇ છે. બોલિંગમાં ઓસ્ટ્રેલિયાની સામે આ શ્રેણીમાં નંબર-૧, નંબર-૪ અને નંબર-૫ જેવા બોલર રમી રહ્યા હતા. છતાં ઓસ્ટ્રેલિયા જેવી નવી ટીમ આ વખતે જંગી લક્ષ્યાંકોને પણ સરળ રીતે પાર પાડતી દેખાઇ હતી. જે તેમની બિનઅસરકારક બોલિંગની સાબિતી આપે છે. મોહાલી વનડેમાં તો ઓસ્ટ્રેલિયાએ ૩૫૯ રન જેટલા વિશાળ લક્ષ્યાંકને પણ પાર પાડી દેવામાં સફળતા મેળવી હતી. આ પ્રથમ વખત બન્યુ છે જ્યારે ભારતીય ટીમ ૩૫૦ રનથી વધુના સ્કોરને બચાવી લેવામાં સફળ રહી છે. વર્લ્ડ કપમાં તમામ ટીમો જોરદાર તૈયારી સાથે મેદાનમાં ઉતરનાર છે.ખાસ કરીને ઘરઆંગણે ઇંગ્લેન્ડની ટીમ સૌથી ફેવરીટ ટીમ તરીકે રહેનાર છે. હાલના સમયમાં તેના દેખાવથી તમામ ટીમો સાવધાન પણ છે. બીજી બાજુ ભારતીય ટીમના બેટિંગ અને બોલિંગના મામલે કેટલીક નબવાઇ દેખાઇ આવી છે. આ તમામ નબળાઇને દુર કરીને મજબુત ઇલેવન પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. બેટિંગ ક્રમ પણ પહેલાથી જ નક્કી કરવામાં આવે તે જરૂરી છે. નવા નવા પ્રયોગ કરવાના બદલે એક ચોક્કસ જગ્યા માટે ચોક્કસ ખેલાડીને જવાબદારી સોંપવાની જરૂર છે. દિલ્હીના ફિરોઝશાહ કોટલા મેદાન પર રમાયેલી પાંચમી અને અંતિમ વનડે મેચમાં ઓસ્ટ્રેલિયાએ ભારત ઉપર જીત મેળવી હતી. આની સાથે જ ઓસ્ટ્રેલિયાએ ટ્વેન્ટી શ્રેણી બાદ વનડે શ્રેણી પણ જીતી લીધી હતી.

જીતવા માટેના ૨૭૩ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતીય ટમ લક્ષ્યાંક સુધી પહોંચવામાં નિષ્ફળ રહી હતી. આની સાથે જ વનડે શ્રેણી ગુમાવી દીધી હતી. ભારતીય ટીમ જીતવા માટેના લક્ષ્યાંકનો પીછો કરતા ૫૦મી ઓવરના છેલ્લા બોલે ઓલઆઉટ થઇ ગઇ હતી. ભારતીય ટીમે ૨૩૭ રન કર્યા હતા. તેની હાર થઇ હતી. ભારત તરફથી સૌથી વધારે રોહિત શર્માએ ૫૬ રન કર્યા હતા.

લોકસભા ચૂંટણી : જુના મહારથી માર્ગદર્શકની ભૂમિકામાં રહેશે...

નવા યોદ્ધાના હાથમાં જવાબદારી હશે

યોગી આદિત્યનાથ, રાહુલ ગાંધી, અખિલેશ યાદવ, અનુપ્રિયા અને શિવપાલની ભૂમિકા નિર્ણાયક રહેશે : મતદારોને પ્રભાવિત કરવા પ્રયાસો

શેક-પાવડર વગર / કોઈ આડઅસર વગર
પેટ, કમર, HIPS-THIGHS ની ચરબી ઘટાડો

સેલ... મોતીવાલા સેલ...
એન્ટીક સેટ માં 50% ડિસ્કાઉન્ટ
૧ ગ્રામ ગાભાના સેટ + મંગલસુત્ર 25% ડિસ્કાઉન્ટ
ગોલ્ડન મંગલસુત્ર, અમેરીકન-ડાયમંડ ડોકીયા.....ફકત રૂ.....50
અમેરીકન-ડાયમંડ મંગલસુત્ર બુટ્ટી સાથે.....ફકત રૂ.....150
1 નંગ બુટ્ટી નાની મોટી બધી સાઈઝ બધા કલર...ફકત રૂ.....50
બગસરાની પાટડી જીક-જેક બંગડી.....ફકત રૂ.....100
લાલ+લીલી ચુડી + પાટલાનો સેટ.....ફકત રૂ.....120
હાથપાન, મંગળસુત્ર કંઠી +પાંચ લાઈન મોતીનો સેટ.ફકત રૂ.....100
વેણીની બંગડી.....ફકત રૂ.....100
અમેરીકન - ડાયમંડના પાટલા અને સળંગ બંગડી.....ફકત રૂ...180
સીલ્વર - ગોલ્ડન ડાયમંડ પાયલ ૧ લાઈન+મોતીનો ૩ લાઈન સેટ.ફકત રૂ...50
પાનેતર પાટલા, લાલ, મરૂન, લીલા, બ્લુ, વ્હાઈટ.....ફકત રૂ.....120
શેરવાની ઉપર પહેરવાની માળા.....ફકત રૂ.....200
જુના દાગીનાને ચાંદી + સોનાનું ગીલીટ કરનાર
અમારી અસલ સ્કીમ ફરીથી ટુંક સમય માટે
૧ સેટના રૂા.૧૦૦ અને ૩ સેટ રૂા.~~૩૦૦~~ રૂા.૨૫૦
જોવા જરૂરથી પધારો. ખોટા દાગીનાની સાચી દુકાન
મોતીવાલા જ્વેલર્સ
૪, પ્રમુખસ્વામી કોમ્પલેક્ષ, સોનેરી મહેલનો ઢોળાવ, પાંચબત્તી, ભરૂચ

AAPKA HOLIDAYS LTD. Your Gateway to the world
Mauritius
Inter Continental Resort, 5 Stars, Prestige Ocean View, Rate Per Couple : 1718 USD
Laguna Beach Hotel and Spa, 3 Stars, Standard Sea View Room, Rate Per Couple : 843 USD
Le Grand Bleu, 3 Stars, Standard Room, Rate Per Couple: 570 USD
Hilton, 5 Stars, Deluxe Room, Rate Per Couple : 1530 USD
The Westin Turtle Bay Resort & Spa, Stars, Ocean Grand Deluxe Room, Rate Per Couple : 1692 USD
Radisson Blu Azuri Resort & Spa, 4 Stars, Deluxe Garden, Rate Per Couple: 1194 USD
Seaview Calodyne Lifestyle Resort, 4 Stars, Superior Room, Rate Per Couple : 730 USD
Inclusions :
- 5 Nights Accommodation - Daily Breakfast and Dinner at Hotel
- Full Day Tour to Ile Aux Cerfs Island Tour with sharing Speedboat Transfers
- Full Day South Tour [with 23 Colored Earth entry ticket]
- Full Day North Tour [Pamplemousses Garden visit not included]
- 1 SIM Card on Arrival per booking upon arrival in Mauritius - Visa on Arrival and free for Indians
- Airport - Hotel - Airport Transfers for Air Mauritius, Air India, Emirates Flights and Air Seychelles from India - All Tours and Transfers on SIC - All Tax
24, 25 - Shree Rang Complex, Above Titan Hollywood showroom, Zadeshwar Road, Bharuch
U-9 Millenium Market, Below You Broad Band, Hazira Road, Adajan, Surat
Contact: 90990 12983 | sales@aapkaholidays.in

Holi Adventure Camp WITH DYNAMIC FACULTY BHAVINI THAKER
શું આપના બાળકોની એકાગ્રતા અને આત્મવિશ્વાસમાં વધારો કરવા ઈચ્છો છો ?
શું આપના બાળકોનો ગુસ્સો, શરમ, ડીપ્રેશન,નેગેટીવ વિચારો ઘટાડવા માંગો છો ?
શું આપના બાળકોનો શારીરિક, માનસિક,ભાવનાત્મક સ્તર પર મજબૂત બનાવવા ઈચ્છો છો ?
શું આપ ઈચ્છો છો કે બાળકોમાં સંબંધોની યોગ્ય સમજણની સાથે આધ્યાત્મિકતા વિકાસ થાય ?
LIMITED SEATS
Fun & Fun
DATE 21st to 24th March
VENUE : VRAJBHOOMI INT. SCHOOL. N.H.NO.8, NR. BAL AMUL MOGAR, ANAND
CONTACT : 70165 00963-96879 56136-81289 96069

નવા રંગરૂપ અને વોટર પાર્ક સાથે
સ્કુલ, ગ્રૂપ પ્રવાસ તથા લગ્નપ્રસંગ માટે ઉત્તમ રીસોર્ટસ
મોદી રીસોર્ટસ & એમ્યુઝમેન્ટ પાર્ક (ગુજ.) પ્રા. લિ.
ઉભરાટ બીચ - નવસારી
www.modiresorts.com

Ph.: 99250 08830, 97272 56004

જયંતી ભાનુશાળી હત્યા કેસમાં મુખ્ય આરોપી છબીલ પટેલની ધરપકડ

દુબઈથી હવાઈ માર્ગે અમદાવાદ એરપોર્ટ પર આવી પહોંચેલા માજી ધારાસભ્ય છબીલ પટેલનું એસઆઈટી સમક્ષ આત્મસમર્પણ : મનીષા ગૌસ્વામી સહિતના ત્રણ આરોપીઓને શોધતી પોલીસ

અમદાવાદ

જંયતી ભાનુશાળીના ચકચારી હત્યા કેસનો મુખ્ય આરોપી છબીલ પટેલ આજે સવારે અમદાવાદ એરપોર્ટ પરથી પકડાઈ જતા તેણે એસઆઈટી સમક્ષ આત્મસમર્પણ કરી દેતા હાલ તેની પુછપરછ ચાલી રહી છે. આજે સવારે તે દુબઈથી ફલાઈટમાં આવતા જ એરપોર્ટ પર હાજર રહેલી પોલીસે તેની ધરપકડ કરી લીધી હતી. ત્યારબાદ તેને રાણીપ ખાતેની રેલવે એસપી ઓફિસમાં પુછપરછ કરવામા આવી હતી. જોકે આ દરમિયાન છબીલે એસઆઈટી સમક્ષ આત્મસમર્પણ કરી દેતા હાલ તેની પુછપરછ ચાલી રહી છે. ભાજપના મોટા ગજાના નેતા અને પૂર્વ ધારાસભ્ય જંયતી ભાનુશાળીની ચાલુ ટ્રેનમાં ગોળી મારી હત્યા કરવામા આવી હતી.

આ હત્યા મામલે પૂર્વ ધારાસભ્ય છબીલ પટેલ પર હત્યાનુ કાવતરુ રચવાનો આક્ષેપ થયો હતો. જોકે આ હત્યા બાદ છબીલ પટેલ ફરાર થઈ ગયો હતો. તે દુબઈથી આવી રહ્યો હોવાની બાતમીના આધારે પોલીસે અમદાવાદ એરપોર્ટ પર વોચ ગોઠવી હતી. આ દરમિયાન છબીલ જેવો ફલાઈટમાંથી ઉતર્યો હતો તેવો જ તેને દબોચી લેવામા આવ્યો હતો.

જંયતી ભાનુશાળીની હત્યા બાદ વિદેશ ફરાર થઈ ગયેલો છબીલ તેના સબંધીઓ અને મિત્રોના સંપર્કમા હોવાની પોલીસને જાણ હતી. તેથી પોલીસ તેના પુત્ર સિદ્ધાર્થ પટેલની શોધખોળ કરી રહી હતી. ત્યારે ગોવાના એક ગેસ્ટહાઉસમાં રહેતા સિદ્ધાર્થે પણ સામેથી પોલીસને આત્મસમર્પણ કરી દીધુ હતુ. ત્યારબાદ છબીલ પટેલના સંબધીઓની ધરપકડ થતા અને તેની સંપતિ ટાંચમાં લેવાની પોલીસની કાર્યવાહીથી ગભરાઈને છબીલ પણ ગમે ત્યારે આત્મસમર્પણ કરે તેવી શકયતા વ્યકત થઈ રહી હતી. પરંતુ તે વિદેશ ફરાર થઈ ગયો હતો. પોલીસે ત્યારબાદ તમામ એરપોર્ટ પર લુક આઉટ નોટિસ જાહેર કરી હતી. વિદેશ ભાગી ગયો હતો. સાતમી જાન્યુઆરીએ પુણેના બે શાર્પશુટરએ ભુજથી સયાજીનગરી એકસપ્રેસમાં ભાનુશાળીની ગોળીઓ મારીને હત્યા કરી હતી.

દિકરો સિધ્ધાર્થ પટેલ પકડાતા છબીલ પટેલે શરણાગતિ કરી

મુખ્ય આરોપી સુધી પહોંચવામાં પોલીસનો કિમીયો સફળ

અમદાવાદ

ભાજપના પૂર્વ ધારાસભ્ય જયંતી ભાનુશાળીની હત્યા કેસમાં આજે સવારે પકડાયેલા છબીલ પટેલે એસઆઈટી સમક્ષ આત્મસમર્પણ કરી દીધુ હતુ. જોકે આ કેસમાં મુખ્ય આરોપીને પકડવા પોલીસે થોડા દિવસ પહેલા જ છબીલ પટેલના પુત્ર સિધ્ધાર્થ પટેલને દબોચી લેતા અને તેણે પણ સીટ સમક્ષ શરણાગતિ સ્વીકારી લેતા પોલીસને આ કેસના મુખ્ય આરોપી સુધી પહોંચવામા સરળતા રહી હતી. આ રીતે આ કેસમાં છબીલના પુત્રની શરણાગતી બાદ પોલીસે ગણતરીના દિવસોમાં છબીલની પણ આજે અમદાવાદ એરપોર્ટ પરથી ધરપકડ કરી લેતા હવે આ કેસની વધુ કડીઓ મળશે. જોકે આ કેસમાં સીટના અધિકારીઓ મનીષા ગોસ્વામી સહિતના ત્રણ આરોપીઓની શોધખોળ કરી રહી છે પણ તેમનો પતો મળ્યો નથી. છબીલ અને વિશાલ કાંબલે એકબીજાને ઓળખતા પણ ન હતા.પણ મનીષા ગોસ્વામી, સુરજિત પરદેશી ઉર્ફે ભાઉ અને નિખિલ થોરાદેએ તેની ઓળખાણ કરાવી હતી. ત્યારબાદ વિશાલે શશિકાંત અને અનવરને બોલાવી સોપારી અપાવી હતી. તે સમયે છબીલના પુત્રએ તેમને રહેવાની અને તેમને ફરાર થઈ જવામા મદદ કરી હતી.

પત્ની સાથેના ઝઘડામાં પતિએ પાડોશીનું કાસળ કાઢી નાખ્યું



સુરત

ઉમરા ગામે આવેલ શિવપાર્ક રેસીડન્સી બિલ્ડીંગ નંબર સી/૧ ત્રીજા માળે પરિવાર સાથે રિયાનો તેના ઘરની સામેના ફ્લેટમાં રહેતા પ્રિતેશ દેવજી ડાભી નામના યુવક સાથે તેને પ્રેમ સંબંધ પાંગર્યો હતો જે બાદ બંનેએ ૧૮/૯/૨૦૧૮ ના રોજ વરાછા મંદિરમાં લગ્ન કરી લીધા હતા. લગ્નના થોડા દિવસ બાદ તે નોકરી પર જવાનું બંધ કરતા પ્રિતેશ અને રિયા વચ્ચે અવારનવાર ઝઘડો થતો હતો. ત્યારે ગત તારીખ ૨/૨/૧૯ ના રોજ પતિ પત્ની વચ્ચે ઝગડો થતા પ્રિતેશે રિયાને માર મારવા સાથે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી રિયાએ ઓલપાડ પોલીસમાં ફરિયાદ નોંધાવ્યા બાદ તે સુરત કતારગામ ખાતે રહેતી તેની માતાને ત્યાં રહેવા ચાલી ગઈ હતી.

પ્રિતેશ રિયાને ફોન કરીને માનસિક ત્રાસ આપતો હતો. રિયા ફરીવારની ગ્રામ્ય મહિલા પોલીસમાં ફરિયાદ આપી હતી. ત્યારે ઉમરા ખાતે ભાડે રાખેલ રૂમનો માલિક બેંકના હપ્તા ન ભરાતા બેંક તરફથી ઘર સીલ મારવાનું હોવાથી રીયાબહેનને તેમનો સામાન ખાલી કરવા જણાવ્યું હતું. ત્યારે રિયા ડાભીએ તેના મિત્ર ગોરધન વેલજી ભુવાને મદદ માટે આવવાનું કહ્યું હતું. ગોરધન તેના અન્ય મિત્રો સાથે ઉમરા ગામે રિયાનો સામાન ખાલી કરવા આવ્યો હતો. ત્યારે શિવ પાર્કની અચાનક લિફ્ટ બંધ થતા રિયા નીચે લિફ્ટ ચાલુ કરવા આવી હતી. ત્યારે ત્યાં નીચે હાથમાં છરો લઈએ ઉભેલો તેનો પતિ પ્રિતેશ ડાભીએ તેના પર જીવલેણ હુમલો કરી માથાના ભાગે ગંભીર ઈજા કરી હતી. સમગ્ર ઘટના દરમિયાન રિયા બચવા માટે ભાગી હતી તે દરમિયાન તેની સાસુએ પ્રિતેશનો શર્ટ પકડી ખેંચી લેતા તે બચી ગઈ હતી ત્યારે જ તેનો દિયર અનિલ પણ છરો લઈને આવી રિયા પર હુમલો કરી ડાબા હાથના અંગુઠા પર હુમલો કર્યો હતો આ વખતે તેનો બચાવ કરવા ત્યાં આવેલા રિયાના મિત્ર ગોરધનભાઈ પર પ્રિતેશે છરાથી હુમલો કરી ઉપરા છાપરી ઘા મારતા તેનું ઘટના સ્થળે મોત નીપજાવેલ હતું. જયારે રિયાને ગંભીર ઈજાઓ થતા તેને સારવાર અર્થે સાયણ સરકારી હોસ્પિટલ ખસેડાઈ હતી.

પિતાએ નવા કપડા નહીં અપાવતા તરુણીએ એસિડ પી આપઘાત કર્યો

સુરત

સુરતમાં પિતાએ નવા કપડા નહીં લઈ આપતા તરુણીએ જીવન ટૂંકાવી દીધું હતું. અમરોલી વિસ્તારની તરૂણીએ ઘરમાં એસિડ પી આપઘાત કરી લીધો હતો. પિતાએ નવા કપડા નહીં આપતાં તેણીને માઠું લાગી આવતા જીવવનો અંત આણ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ અમરોલી આતેના તાપીનગરમાં રહેતી ૧૭ વર્ષીય કવિતા ઉપેન્દ્ર ભાઈ પોલાઈએ પોતાના ઘરે એસિડ ગટગટાવી લીધું હતું. જેની જાણ પિતા ઉપેન્દ્રને થતાં તાત્કાલિક સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જોકે, કવિતાનું ટૂંકી સારવાર દરમિયાન હોસ્પિટલના બિછાને મોત નીપજ્યું હતું.

મળતી માહિતી પ્રમાણે ધોરણ-૧૦ સુધીનો અભ્યાસ કર્યા બાદ કવિતા ઘરે જ રહેતી હતી. તેણીનાબીજા એક-એક ભાઈ બહેન છે. કવિતાના અકાળે મોતથી પરિવારજનો શોકમાં ડૂબી ગયા છે. આગામી દિવસોમાં કવિતાના મામાની પુત્રીના લગ્ન લેવાયા છે. જે માટે કવિતા પિતા ઉપેન્દ્ર પાસે નવા કપડાની માંગ કરી હતી.

જોકે, કાપડના કારખાનામાં કામ કરતા ઉપેન્દ્રએ સિમિત આવકને લીધે તેણીને પાછળથી કપડા લઈ આપવા માટે કહ્યું હતું. જેને લીધે રાત્રે પિતા-પુત્રી વચ્ચે માથાકૂટ થઈ હતી. પિતા ઉપેન્દ્રએ નવા કપડા નહીં અપાવવા તેણીને માઠું લાગી આવ્યું હતું.

દરમિયાન તેણીએ ઘરમાં એસિડ ગટગટાવી મોતને વ્હોલું કર્યું હતું. બનાવ અંગે અમરોલી પોલીસે વધુ તપાસ હાથધરી છે.

ડાંગ દરબાર અને લોકમેળામાં ગ્રામીણ ઓલમ્પિક્સનું આયોજન

તા.૧૬ અને ૧૭ દરમિયાન ડાંગના રમતવીરો કૌવત દર્શાવશે

આહવા

આહવા ખાતે પ્રતિવર્ષ યોજાતા ડાંગ દરબારના ભાતિગળ લોકમેળા દરમિયાન ડાંગ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા પ્રતિ વર્ષ ગ્રામીણ ઓલમ્પિક્સનું પણ આયોજન કરવામાં આવે છે. જે મુજબ આ વર્ષે તા.૧૭ અને ૧૮ માર્ચ, ૨૦૧૯નાં દિવસો દરમિયાન આહવા ખાતે આવેલા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ઉપર ગ્રામીણ ઓલમ્પિક્સનું આયોજન કરવામાં આવ્યું છે.

આ રમતોત્સવમાં ૧૬ વર્ષ સુધીની વયજુથના શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ માટેની કુલ સાત રમતો સહિત ૧૬ વર્ષથી ઉપરની વયજુથના યુવક/યુવતિઓ માટે અન્ય સાત રમતોનું આયોજન કરાયુ છે. આ ઉપરાંત ખાસ મહિલાઓ માટે ત્રણ રમતો પણ આયોજિત કરવામાં આવી છે.

આહવાના આ ગ્રામીણ ઓલમ્પિક્સનું ઉદ્ઘાટન તા.૧૭/૩/૨૦૧૯નાં રોજ સવારે ૧૦ વાગ્યે ડાંગ કલેક્ટર શ્રી એન.કે.ડામોરના હસ્તે કરાશે. આ વેળા મુખ્ય મહેમાન તરીકે ડાંગના જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ.કે.વઢવાણિયા તથા પોલીસ અધિક્ષક શ્રીમતી શ્વેતા શ્રીમાળી ઉપસ્થિત રહેશે.

ચૂંટણી દરમિયાન વિશ્રામગૃહ અને સરકારી રહેણાંક વાપરી શકાશે નહીં

એક વ્યક્તિને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહીં

નવસારી

ગુજરાત લોકસભાની સામાન્ય ચુંટણી તા.૨૩/૦૪/૨૦૧૯ ના રોજ યોજનાર છે. જેને અનુલક્ષીને નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ ડૉ. એમ.ડી.મોડિયાએ મળેલી સત્તાની રૂએ નવસારી જિલ્લામાં અગામી તા.૨૭/૦૫/૨૦૧૯ સુધી જિલ્લાના વિશ્રામગૃહ, ડાક બંગલા, સરકારી રહેણાંકના ઉપયોગ અંગે પ્રતિબધ અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કર્યુ છે. જે અનુસાર કોઈપણ પક્ષ કે પક્ષના સભ્યો કે ઉમેદવારો એક હથ્થુ અધિકારો ભોગવશે નહી અને આવા રહેણાંકનો ઉપયોગ બીજા પક્ષના સભ્યો કે ઉમેદવારોને પણ કરવા દેશે. કોઈપણ પક્ષ કે ઉમેદવારો આવા રહેણાંક નો ઉપયોગ પ્રચાર કચેરી કે અન્ય ચુંટણી વિષયક હેતુ માટે કરી શકશે નહી. સરકારી વિશ્રામગૃહ, અતિથિગૃહ વિગેરેમાં રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગિક મીટીગો પણ યોજી શકશે નહી. ચુંટણી પ્રચારમાં આવેલ જે મહાનુભાવોને સરકારી વિશ્રામ ગૃહ- અતિથિગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવી હોય તે મહાનુભાવોને લાવતા-લઈ જતાં વાહનને જ સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેના કંપાઉન્ડમાં રાખી શકાશે. જો તેઓના માટે એક કરતાં વધારે વાહનોનો ઉપયોગ કરતા હોય તો બે થી વધારે વાહનોને વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેના કંપાઉન્ડમાં રાખી શકાશે નહી. એક જ વ્યક્તિને ૪૮ કલાકથી વધુસમય માટે રૂમ ફાળવી શકાશે નહી તેમજ ચુંટણી પ્રચાર માટે આવતા કોઈપણ મહાનુભાવો મતદાન પુરુ થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમનો ઉપયોગ કરી શકાશે નહી. આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

મહુવા, માંડવી, વ્યારા અને નિઝર વિધાનસભા ક્ષેત્રમાં મહિલા મતદારો સૌથી વધુ

વર્ષોથી ચારેય વિધાનસભામાં મહિલા મતદારો નિર્ણાયક રહી છે

સુરત

લોકસભાની સામાન્ય ચુંટણીમાં પડધમ વચ્ચે બારડોલી સંસદીય મતદાર વિભાગમાં આદિવાસી બાહુલ વસ્તી ધરાવતા મહુવા, માંડવી, વ્યારા, નિઝર વિધાનસભામાં મહિલા મતદારોનો દબદબો રહ્યો છે. ૨૦૦૯, ૨૦૧૪ અને વર્તમાન ૨૦૧૯ની લોકસભા ચુંટણીઓમાં મહિલાઓ મતદારોની જાણકારી મેળવીએ તો

૨૦૦૯ની લોકસભામાં મહુવા વિધાનસભા મતક્ષેત્રમાં ૯૫૯૩૪ પુરૂષ મતદારો સામે ૯૬૦૩૦ મહિલા મતદારો હતી આમ ૯૬ જેટલી મહિલા મતદારો વધુ હોવાનું જણાય છે. માંડવીમાં ૯૮૧૯૪ પુરૂષ મતદારો સામે ૯૮૯૮૪ મહિલા મતદારો નોંધાય છે. આમ ૭૯૦ મહિલા મતદારો પુરૂષોની સરખામણીએ વધુ નોંધાય છે. જયારે વ્યારામાં ૮૭૩૬૪ પુરૂષ મતદારોની સામે ૮૯૭૦૮ મહિલાઓ મતદારો તથા નિઝરમાં ૧૦૬૧૭૭ પુરૂષો મતદારોની સામે ૧૦૯૦૯૧ મહિલા મતદારો નોંધાય હતી.

આવી જ રીતે ૨૦૧૪ની લોકસભામાં મહુવામાં ૧૦૨૭૪૦ પુરૂષો સામે ૧૦૩૧૫૬ મહિલા મતદારો નોંધાય હતી. આમ ૪૧૬ મહિલા મતદારો વધુ નોંધાય હતી. જયારે માંડવીમાં ૧૦૬૯૨૫ પુરૂષો સામે ૧૦૭૮૫૨ મહિલાઓ નોંધાય છે આમ ૯૨૭ મહિલાઓ વધુ નોંધાય હતી.

વર્તમાન ૨૦૧૯ની લોકસભાની ચુંટણીમાં મહુવા વિધાનસભા વિસ્તારમાં ૧,૦૭,૮૪૧ પુરૂષો સામે ૧,૧૧,૧૨૭ મહિલા મતદારો નોંધાય છે આમ ૩૨૮૬ મહિલા મતદારો વધુ નોંધાય છે. જયારે માંડવીમાં ૧૧૪૭૫૮ પુરૂષો સામે ૧૧૭૦૨૧ મહિલા મતદારો નોંધાય આમ ૨૨૬૩ મહિલાઓ મતદારો વધુ નોંધાય છે. જયારે વ્યારા વિધાનસભા ૧,૦૩,૯૫૬ પુરૂષ ઉમેદવારોની સામે ૧૦૭૯૩૬ મહિલા મતદારો નોંધાય છે આમ ૩૯૮૦ મહિલા વધુ નોંધાય છે. આવી જ રીતે નિઝર વિધાનસભામાં ૧૨૯૦૮૬ પુરૂષ મતદારોની સામે ૧૩૩૦૩૧ મહિલા મતદારો નોંધાય છે આમ ૩૯૪૫ મહિલા મતદારો વધુ નોંધાય છે. આમ કહી શકાય કે, આ ચાર વિધાનસભા વિસ્તારમાં મહિલાઓ વર્ષોથી નિર્ણાયક રહી છે.

મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ યોજવા આચાર સંહિતાનો અમલ આવશ્યક

સરકાર અને રાજકીય પક્ષોને પણ આચાર સંહિતા લાગુ પડે છે

નવસારી

ભારતના ચૂંટણી આયોગ નવી દિલ્હી દ્વારા લોકસભા સામાન્ય ચૂંટણી તારીખ ૨૩/૪/૨૦૧૯ના રોજ યોજવા માટેનો વિગતવાર કાર્યક્રમ તા.૧૦/૩/૨૦૧૯ના રોજ જાહેર કરવામાં આવેલ છે. આથી તારીખ ૧૦/૩/૨૦૧૯ના રોજથી ભારતના ચૂંટણી આયોગે બહાર પાડેલ રાજકીય પક્ષો અને ઉમેદવારો માટે આદર્શ આચારસંહિતા, અધિકારી/કર્મચારીઓની બદલી પર પ્રતિબંધ સહિતનીમુકત અને ન્યાયી ચૂંટણી યોજવા માટેની તમામ સુચનાઓ અમલમાં આવે છે. આ સુચનાઓનો અમલ રાજય સરકાર, રાજકીય પક્ષો, ઉમદવારો, સચિવાલયના તમામ વિભાગો, ખાતાઓ, કચેરીઓ, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, બોર્ડ/નિગમો, સહકારી મંડળીઓ વગેરે કે જેમાં જાહેર નાણાનો જરાપણ હિસ્સો હોય તેવી તમામ સંસ્થાઓએ ચુસ્તપણે કરવાનો રહેશે. આ સુચનાઓનો ભંગ કરનાર સામે ભારતનું ચૂંટણી આયોગ, નવી દિલ્હી, મુખ્ય નિર્વાચન અધિકારી તેમજ ચૂંટણી અધિકારી કાર્યવાહી હાથ ધરશે. આથી આચારસંહિતા તેમજ મુકત અને ન્યાયી ચૂંટણી યોજવા સંબંધી ભારતના ચૂંટણી આયોગ નવી દિલ્હીની સુચનાઓનો આ ચુંટણીમાં ચુસ્તપણ અમલ કરવા ચૂંટણી અધિકારી, ૨૫ નવસારી સંસદીય મતદાન વિભાગ અને કલેકટરશ્રી નવસારી દ્વારા જણાવાયું છે.

અંકલેશ્વરમાં વર્લ્ડ કિડની ડે નિમિત્તે નિ:શુલ્ક કિડની તપાસ કેમ્પ યોજાયો

જયાબેન મોદી હોસ્પિટલમાં ડાયાલિસિસના સાધનોનું લોકાર્પણ

અંકલેશ્વર

અંકલેશ્વર જયાબેન મોદી હોસ્પિટલ ખાતે તા.૧૪ માર્ચ વર્લ્ડ કિડની ડેના અનુસંધાને ડાયાલિસિસના બેનવા સાધનોની લોકાર્પણ વિધિ અને નિ:શુલ્ક કિડની કેર કેમ્પ યોજાયો હતો.

તા.૧૪મી માર્ચ વર્લ્ડ કિડની ડે તરીકે ઉજવવામાં આવે છે. પ્રખ્યાત હોસ્પિટલ જયાબેન મોદી ખાતે આ દિવસને લઈ ડાયાલિસિસ માટેના બે અદ્યતન સાધનોની લોકાર્પણવિધિ યોજાઈ હતી. આ સાધનો રૂા.૧૪ લાખની કિંમતે વસાવવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે જયાબેન મોદી હોસ્પિટલમાં માત્ર ૧૦૦ રૂપિયામાં ડાયાલિસિસની સુવિધા ઉપલબ્ધ છે. જેમાં રૂા.૫૦૦નું અનુદાન ગુજરાત ગાર્ડીયન કંપની દ્વારા અને રૂા.૫૦૦નું અનુદાન જે.બી. મોદી ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવે છે. આ પ્રસંગે જયાબેન મોદી હોસ્પિટલના કમલેશ ઉદાણીએ જણાવ્યું હતું કે અંકલેશ્વરની હાઈવે કનેક્ટીવિટી તેમજ અગત્યતાને ધ્યાનમાં લઈને ઔદ્યોગિક વસાહત હોવાથી આગામી બે મહત્ત્વના પ્રોજેક્ટ્સ અમલી બનશે. જેમાં બે ત્રણ મહિનામાં જ રૂા.દોઢ કરોડના ખર્ચે ટ્રોમા સેન્ટર ઊભું કરાશે. જ્યારે કે કેન્સરના દર્દીઓ માટે રૂા.૨૨ કરોડના ખર્ચે રેડિએશન સેન્ટરનું પણ નિર્માણ કરાશે.

આ પ્રસંગે આયોજિત નિ:શુલ્ક કિડની કેર કેમ્પમાં સુરતના વરિષ્ઠ અને નિષ્ણાંત નેફ્રોલોજીસ્ટ ડૉ. ધનેશ વૈદ્યએ ખાસ ઉપસ્થિત રહી સલાહ અને સારવાર આપવામાં આવ્યા હતા. તેમણે દર્દીઓ તથા ઉપસ્થિતોને કિડનીનું મહત્ત્વ તેમજ એની સલામતી વિશે પણ માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યક્રમમાં અંકલેશ્વર ઉદ્યોગ મંડળના પ્રમુખ મહેશ પટેલ, નોટીફાઈડ એરિયા પ્રમુખ મનોજ પટેલ, કોરો મંડલ ઈન્ટરનેશનલના કે.વી. પટેલ, સીએસઆર હેડ નિર્મલાબેન પટેલ સહિત હોસ્પિટલ સ્ટાફ અને દર્દીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નર્મદા જિલ્લાની વણખૂંટા ગામની અવાવરૂ સીમમાં

ઝેરી કચરો ઠાલવી દેનાર ઓલપાડ સ્થિત સાઈનાઈડ કંપની સામે ખેડૂત સમાજનો રોષ

ઓલપાડ સાઈનાઈડના ઉચ્ચ અધિકારીઓની ધરપકડ કરી કંપનીને બંધ કરાવવા કલેક્ટર સમક્ષ ખેડૂત સમાજની માંગ

સુરત

ઓલપાડ સ્થિત હિન્દુસ્થાન કેમિકલ્સ પ્રા.લિ. (સાઈનાઈડ કંપની) દ્વારા ભરૂચ જિલ્લામાં બારોબાર ઝેરી રસાયણનો કચરો ઠાલવતા આબાદ ટેન્કર ઝડપાઈ ગયું છે. કંપનીના અધિકારીઓ કર્મચારીઓ સામે સખત પગલા ભરવા ખેડૂત સમાજ ગુજરાત દ્વારા આજે ભરૂચ-સુરત કલેક્ટર તેમજ જીપીસીબીને આવેદનપત્ર આપીને જીવતા બોમ્બ સમાન આ કંપનીને કાયમ માટે બંધ કરવા રજૂઆત કરી છે.

ખેડૂત સમાજ ગુજરાતના આગેવાન જયેશ પટેલ, જયેશ પાલ, દર્શન નાયક સહિતના ખેડૂત આગેવાનો આજે સુરત જિલ્લા કલેક્ટરને મળી આવેદનપત્ર આપ્યું હતું. આવેદન પત્રમાં રજૂઆત કરવામાં આવી હતી કે, હિન્દુસ્થાન કેમિકલ્સ કંપની લી.ઓલપાડ સુરત ખાતે સાઈનાઈડના ભયાનક કેમિકલ્સ બનાવે છે. આ કંપનીએ ૩ ટ્રક ઝેરી જોખમી રાસાયણિક ઘન કચરો ભરૂચ જિલ્લાના ઉમલ્લા તાલુકાના વણખૂંટા ગામે નાખેલ હતો. તે કચરો ઠાલવતા રંગે હાથો ગામના લોકો દ્વારા પકડી પાડવામાં આવેલ છે. ઉમલ્લા પોલીસ સ્ટેશનમાં આ સાઈનાઈડ યુક્ત કચરો નાખવા બદલ હિન્દુસ્થાન કેમિકલ્સ કંપની, તેમજ ટ્રક ડ્રાઈવર અને અંકલેશ્વરના કોઈ વેપારી સામે એફઆઈઆર ક્રમાંક II-9/2019 થી ગુનો દાખલ કરવામાં આવેલ છે.

આ બાબતે જીપીસીબીએ ફરિયાદ દાખલ કરેલ છે જેમાં કંપનીના તમામ ડાયરેક્ટરના નામો દાખલ કરી તેમને જેલભેગા કરવા માંગ છે. આ ગુનામાં સંડોવાયેલ તમામ ટ્રકના માલિકો, ડ્રાઈવરો, વેપારીઓ, આ પ્રકારની ગેર કાનૂની કાર્યવાહીમાં સંડોવાયેલા કંપનીના અધિકારી એ.કે. સિંઘ તેમજ ખોટા બિલો કાગળો તૈયાર કરનાર કંપનીના કર્મચારીઓ પર ગુનો નોંધવામાં આવે અને તેમની સામે કાર્યવાહી કરવાની અમારી માંગ છે.

આ ઝેરી રાસાયણિક સાઈનાઈડ યુકત કચરો માનવ જાત માટે ખૂબ જ ગંભીર રોગોનું કારણ બને છે. આથી તાત્કાલિક અમો માંગ કરીએ છીએ કે કંપનીના તમામ માલિકો અને સંડોવાયેલ તમામ આરોપીઓની સામે ૩૦૭ની કલમ અને ૧૨૦ બીની કલમ લગાડવામાં આવે. અંતરિયાળ વિસ્તારમાં આ પ્રકારના ગોરખધંધા કરવા બદલ કંપની સામે જીપીસીબી તેમજ જિલ્લા કલેક્ટર ભરૂચ દ્વારા કડક કાર્યવાહી કરવાની અમારી માંગ છે. કંપનીએ ભૂતકાળમાં પણ આવા ઝેરી રસાયણો જ્યાં ત્યાં ગેરકાયદેસર રીતે નિકાલ કરેલ હોય શકે છે તેતી તેની ગહન તપાસ ઉત્પાદનના આંકડાઓ પરથી જીપીસીબી કરે એ ખૂબ જરૂરી છે. ગુજરાતની જાહેર જનતાનું સ્વાસ્થ્ય જોખમમાં મુકવા બદલ આ કંપની સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને તેને કાયમ માટે બંધ કરી દેવામાં આવે એવી અમારી માંગ છે.

આ કંપની સામે એનજીટીમાં કેસ પણ દાખલ કરવામાં આવેલ હતો અને તેનું ઈસી રદ્દ થયેલું હતું. રાજ્ય સરકારે ખાસ કમિટી રચી તેને એક્શન પ્લાન પણ પાલન કરવા માટે આપેલ હતો. તેમ છતાં આ કંપનીએ તેમ બેદરકારી બતાવેલ છે અને કાયદા કાનૂન તેમજ સરકારની સૂચના ઘોળી પી ગયેલ છે. આ કંપની સામે ઓલપાડ તાલુકાની જનતાએ ખૂબ વિશાળ આંદોલન પણ કરેલ હતું અને સમગ્ર ઓલપાડ તાલુકાની જનતાના માથે જીવતા બોમ્બ સમાન અને ભોપાલ જેવી દુર્ઘટના કરી શકવામાં સક્ષમ આ કંપનીને બંધ કરી દેવા માંગ કરવામાં આવેલ હતી. ૪૧ જેટલી ગ્રામ પંચાયતોએ ઠરાવ કરી આ કંપની દૂર કરવાની માંગ કરવા છતાં સરકારે કોઈ જ પગલા ભરેલ ના હતા. એક ઉદ્યોગપતિના હિતને વધુ મહત્ત્વ આપી સરકારે ઓલપાડ તાલુકાની જનતાની માંગને ફગાવી દીધેલ હતી. આજે ઓલપાડ નગરની વચ્ચોવચ આ કંપની ચાલે છે અને ૨૦ હજાર લોકોને માથે મોતનો ખતરો કાયમ ઊભો રહેલ છે. કંપનીના માલિકોએ ગુજરાત બહાર બેસી ગુજરાતના લોકોના આરોગ્ય સાથે ચેડા કરવાનું અને કેન્સર જેવી જીવલેણ બીમારી આપવાનું કામ કરેલ છે. જે આજરોજ સાબિત થયેલ છે. આવા નીચ અને અધમ કૃત્યને હરકોઈ સંજોગોમાં માફ કરી શકાય નહીં. આમ પર્યાવરણ સરકાર અને પ્રજા સાથે દ્રોહ કરતી કંપનીને ગુજરાતમાંથી ફારગતી આપવી જરૂરી બને છે.

તેથી આ કંપનીને અહીંથી કાયમ માટે બંધ કરી ઓલપાડ તાલુકાની જનતા તેમજ ગુજરાત રાજ્યની જનતાનું રક્ષણ કરવા રાજ્ય સરકાર પાસે અમારી માંગ છે.

આચાર સંહિતાના અમલીકરણ માટે ભરૂચ જિલ્લા માટે જિલ્લા કક્ષાના નોડલ અધિકારીની નિમણૂંક

ભરૂચ

લોકસભાની ચૂંટણી-૨૦૧૯ ના કામે મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચાર સંહિતાના અમલીકરણ માટે ભરૂચ જિલ્લા માટે જિલ્લા કક્ષાના નોડલ અધિકારીશ્રી તરીકે ભરૂચ ડી.આર.ડી.એ.ના નિયામકશ્રી જે.આર.પરમાર સંપર્ક નં.૦૨૬૪૨-૨૨૦૩૮૧, ૨૪૦૭૪૫, મો.નં.૯૮૭૯૫૧૫૯૩૭ ની નિમણૂંક કરવામાં આવેલ છે તેમજ જિલ્લાકક્ષાના નોડલ અધિકારી સાથે વિધાનસભા મતદાર વિભાગવાર તથા રોડ/રસ્તા અંગેના ૧૫૦-જંબુસર વિધાનસભા મતદાર વિભાગ માટે જંબુસર તાલુકા વિકાસ અધિકારીશ્રી એન.વી.ચૌધરી મો.નં.૯૬૨૪૦૨૦૩૦૬, આમોદ તાલુકા વિકાસ અધિકારીશ્રી આર.ડી.દેશલે (ઈ.ચા.) મો.નં.૯૬૨૪૮૪૭૮૩૪ અને જંબુસર નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રી આર.વી.ડોડીયા મો.નં.૯૪૨૮૬૦૭૨૧૫ ની નિમણૂંક કરાઈ છે.

૧૫૧-વાગરા વિધાનસભા મતદાર વિભાગ માટે વાગરાના તાલુકા વિકાસ અધિકારી સુશ્રી પીનાકીની ભગાર મો.નં.૭૫૬૭૦૧૨૬૪૦, ભરૂચના તાલુકા વિકાસ અધિકારીશ્રી બી.એચ.મકવાણા મો.નં.૯૪૦૯૬૩૨૬૫૨, ૧૫૨-ઝઘડીયા વિધાનસભા મતદારવિભાગ માટે ઝઘડીયાના તાલુકા પંચાયત કચેરીના પી.ઓ. કમ ટીડી.ઓ શ્રી એન.એમ.પટેલ મો.નં.૭૫૬૭૦૧૮૨૯૩, વાલીયાના તાલુકા પંચાયત કચેરીના પી.ઓ. કમ ટીડી.ઓ શ્રી કે.કે.પટેલ મો.નં.૭૫૬૭૦૧૮૨૦૪, નેત્રંગના તાલુકા વિકાસ અધિકારીશ્રી એમ.બી.વસાવા મો.નં.૭૫૬૭૮૬૬૯૦૧, ૧૫૩-ભરૂચ વિધાનસભા મતદાર વિભાગ માટે ભરૂચ તાલુકા વિકાસ અધિકારીશ્રી બી.એચ.મકવાણા મો.નં.૯૪૦૯૬૩૨૬૫૨, ભરૂચ નગરપાલિકાના મ્યુ. એન્જીનીયર શ્રી સૌરભ પટેલ મો.નં.૯૫૭૪૦૦૭૦૦૬, ૯૯૯૮૦૦૩૩૭૬, અંકલેશ્વરના તાલુકા વિકાસ અધિકારીશ્રી જયેન્દ્રભાઈ અટોદરીયા મો.નં.૯૪૨૯૫૮૯૦૨, ૧૫૪-અંકલેશ્વર વિધાનસભા મતદાર વિભાગ માટે અંકલેશ્વરના તાલુકા વિકાસ અધિકારીશ્રી જયેન્દ્રભાઈ અટોદરીયા મો.નં.૯૪૨૯૫૮૯૦૨, અંકલેશ્વર નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રી પ્રશાંત પરીખ મો.નં.૯૯૭૯૧૫૬૦૦૦, અંકલેશ્વર નોટીફાઈડ એરીયાના ચીફ ઓફિસરશ્રી આર.પી.ચૌહાણ મો.નં.૯૮૭૯૧૧૦૦૪૫, હાંસોટ તાલુકા વિકાસ અધિકારીશ્રી વી.જી.નાયક મો.નં.૭૫૬૭૦૧૨૬૫૧ ની નિમણૂંક કરાઈ છે.

પંચાયત હસ્તક રોડ રસ્તા માટે ભરૂચ જિલ્લા પંચાયતના કાર્યપાલક ઈજનેરશ્રી શ્રી યુ.બી.પટેલ મો.નં.૯૮૨૫૭૬૯૮૫૯, સ્ટેટ હસ્તક રોડ રસ્તા માટે ભરૂચના કાર્યપાલક ઈજનેરશ્રી(મા.મ.) ડી.એફ.શાહ મો.નં.૯૮૨૫૫૬૨૯૬૨, નેશનલ હાઈવે માટે ભરૂચના કાર્યપાલક ઈજનેર શ્રી(ને.હા.) ડી.એફ.શાહ મો.નં.૯૮૨૫૫૬૨૯૬૨ ની નિમણૂંક કરાઈ છે.

ડાંગ દરબારના લોકમેળા દરમિયાન આહવાના મુખ્ય માર્ગ સહિતના માર્ગો બંધ રહેશે

વાહન ચાલકો માટે જાહેર કરાયા ડાયવર્ઝન

આહવા

ડાંગ દરબારના લોકમેળા દરમિયાન ઉમટતા પ્રજાજનોની સલામતી સહિત કોઇ અઘટિત બનાવ ન બને તે માટે આહવાના મુખ્ય માર્ગો ઉપર વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી ટી.કે.ડામોરે જારી કરેલા એક જાહેરનામા અનુસાર તા.૧૬/૩/૨૦૧૯નાં રોજ સવારના ૭ વાગ્યાથી, તા.૧૯/૩/૨૦૧૯નાં રોજ રાત્રીના ૧૨ વાગ્યા સુધી (૧) આહવાની પી.ડબ્લ્યુ.ડી. ઓફિસથી આહવા ગ્રામ પંચાયતના કાર્યાલય વચ્ચેનો મુખ્ય માર્ગ બંધ કરાયો છે. તે સાથે (૨) આહવા પોસ્ટ ઓફિસની સામે આવલા શહિદ સ્મારકથી રંગ ઉપવન તરફનો શ્રી મોરારજી દસાઇ માર્ગ પણ મોટર વાહનો તથા ભારે વાહનો માટે બંધ કરાયો છે. આ ઉપરાંત આ દિવસો દરમિયાન આ માર્ગો ઉપરથી ઢોરોના આવાગમન ઉપર પણ પ્રતિબંધ જાહેર કરાયો છે.

સાથે વાહન ચાલકોની સરળતા માટે પી.ડબ્લ્યુ.ડી. ઓફિસ ફૂવારા સર્કલથી આશ્રમ રોડ થઇને, સિવિલ હોસ્પિટલ, ગાંધી કોલોની થઇ હાઇસ્કૂલ રોડ તરફથી સરદાર વલ્લભભાઇ પટેલ માર્ગથી એસ.ટી.ડેપો જતા માર્ગનો ઉપયોગ કરવા અનુરોધ કરાયો છે.

આ પ્રતિબંધ આદેશ (૧) પીવાના પાણીની સેવા, ગંદા પાણીના નિકાલની સેવા, તબીબી સેવાઓ, કાયદો અને વ્યવસ્થાની જાળવણીની સેવા જેવી આવશ્યક સેવાઓ પુરી પાડવા જતા અધિકૃત વાહનો, અધિકારી/કર્મચારીઓ તથા (૨) સરકારી ફરજ ઉપર હોય તેવા સરકારી વાહનો તથા તેના અધિકારી/કર્મચારીઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઇસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ કાર્યવાહી હાથ ધરાશે, જેની સૌને નોંધ લેવા પણ વધુમાં જણાવાયું છે.

વરીયાવમાં શેરડીના ખેતરમાં આગ લાગી

સુરત

આજે સવારે વરીયાવ ખાતે સર જેજે કોલેજ નજીક ખુલ્લા ખેતરમાં આગ લાગી હોવાનો મેસેજ મળતાની સાથે ફાયર સ્ટાફ તાત્કાલિત ઘટના સ્થળે દોડી ગયા હતા.

ફાયર વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ વરીયાવ વિસ્તારમાં સવારે સાડા છ વાગ્યાના સુમારે શેરડીના ખેતરમાં આગ લાગી હોવાનો મેસેજ મળ્યો હતો. બનાવની જાણ થતા જ મોરાભાગળ ફાયર સ્ટેશનના ઓફિસર ધોબી સટાફ સાથે ઘટના સ્થળે દોડી ગયા હતા. શેરડીના ખેતરમાં ઉભા પાકને કોઈ અગમ્ય કારણસર આગ લાગી હતી. આગ વધુ ન ફેલાય તે માટે ફાયર સ્ટાફ દ્વારા પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવાનો પ્રયત્ન કર્યો હતો. આગથી કોઈપણ પ્રકારની જાનહાનિ ન થઈ પરંતુ ખેતરના પાકને નુકસાન થયું છે.

સૈયદપુરા ટૂંકીમાં ગેરકાયદે બાંધકામનું ડીમોલીશન કરાયું

સુરત

સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૭, નોંધ નં.૧૮૦૧-૧૮૦૪, સૈયદપુરા ટુંકી વાળી મિલકતમાં મિલકતદાર સાજીદ નાસીર જમાદાર દ્વારા સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરૂદ્ધ બાંધકામ કરતા તા.૧૩-૩-૨૦૧૯ના રોજ સેન્ટ્રલ ઝોનનાં શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાના સિક્યોરિટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત છઠ્ઠા માળે આશરે ૩૫૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ દૂર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન પેટે રૂા.૫૦,૦૦૦ વહીવટી ચાર્જ વસૂલ લેવામાં આવેલ છે.

૧૨ થી ૧૯ વર્ષના ખેલાડીઓ માટે હાઈટ-હન્ટનું આયોજન

સુરત

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા સંચાલિત વોલીબોલ એકેડમી અને ડી.એલ.એસ.એસ. સ્કુલમાં ભાઈઓ અને બહેનોના પ્રવેશ માટે હાઈટ-હન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. નિયત ઉંચાઈ ધરાવતા ૧૨ થી ૧૯ વર્ષની વચ્ચેની વયના બહેનો અને ભાઈઓએ તા.૧૯/૩/૨૦૧૯ના રોજ સવારે ૮.૩૦ વાગે નગર પ્રાથમિક સ્કુલ નં.૮/૯, કમ્પાઉન્ટ, આઈ.ટી.આઈ. પાછળ મજુરાગેટ ખાતે હાજર રહેવા જિલ્લા રમતગમત પ્રશિક્ષણ કેન્દ્રના સીનીયર કોચની યાદીમાં જણાવાયું છે.

લોકસભા સામાન્ય ચૂંટણી અન્વયે પ્રિન્ટીંગ પ્રેસના માલિક-મુદ્રક માટે ખાસ જોગ

ભરૂચ

ભારતના ચૂંટણીપંચ નવી દિલ્હી તરફથી લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ નો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ મતદાન તા.૨૩/૦૪/૨૦૧૯ ના રોજ હાથ ધરવામાં આવશે તથા મતગણતરી તા.૨૩/૦૫/૨૦૧૯ નાં રોજ થશે.

વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવનાર ઉમેદવારો તરફથી પ્રચાર માટે હેન્ડબીલ, પ્લેકાર્ડ,પોષ્ટર વિગેરે સાહિત્ય છાપવા અંગેના નિયમો ચૂંટણીપંચે બનાવેલા છે તે મુજબ કોઈપણ પ્રિન્ટીગ પ્રેસ તરફથી આવુ સાહિત્ય જયારે જયારે છપાવામાં આવે ત્યારે જેતે પ્રેસના માલિક કે મુદ્રકે આવી સાહિત્ય ઉપર પોતાનું નામ, મુદ્રકનું નામ તથા સરનામુ તથા છાપેલા સાહિત્યની સંખ્યા દર્શાવવાનું ફરજીયાત છે.

લોકપ્રતિનિધિત્વ ધારાની કલમ-૧૨૭(અ હેઠળ આવુ સાહિત્ય છાપનાર તેની ૪(ચાર) નકલ સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓને મોકલી આપવાના હોય છે. તેમજ તે અંગે ફોર્મમાં લેખિતમાં જાહેરાત કરવાની હોય છે. આ સૂચનાઓનો તમામ પ્રિન્ટીગ પ્રેસના માલિકો મુદ્રકોએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. આ સૂચનાઓનો ભંગ કરનાર સામે છ માસની જેલની સજા અથવા રૂપિયા બે હજારનો દંડ અથવા બન્ને પ્રકારની સજાઓ થઇ શકે છે.

પ્રેસ અને પુસ્તક રજીસ્ટ્રેશન અધિનિયમ-૧૮૬૮ અંતર્ગત જિલ્લામાં કોઈપણ પ્રિન્ટીંગ પ્રેસના માલિક આવા મુદ્રકનું રજીસ્ટ્રેશન જિલ્લા મેજિસ્ટ્રેટ પાસે કરાવવું ફરજીયાત છે. આવા રજીસ્ટ્રેશન કરાવ્યા વગરનું પ્રેસ ચાલુ કરવા ગુનાને પાત્ર ઠરે છે. વધુમાં કોઈપણ પ્રિન્ટીંગ પ્રેસના સ્થળ બદલ્યાની કે પ્રેસના માલિકોમાં ફેરફાર થાય તો તે બદલની એકરારપત્ર વિગતો ભરી એકરાર કરવો કાયદા હેઠળ ફરજિયાત છે. ચૂંટણીના કામ સંબંધે છાપવામાં આવતા પોષ્ટરો વિગેરે સંબંધી છાપકામની વિગતો દર્શાવવા માટેના ફોર્મ જે તે ચૂંટણી અધિકારીશ્રીઓ તથા તાલુકાના મામલતદારશ્રીની કચેરીમાંથી મળી શકશે એમ ભરૂચ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી રવિકુમાર અરોરાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

હોળી-ધૂળેટીનો તહેવાર ઉજવવા કામદારોનું વતન તરફ પ્રયાણ

બાંધકામ સાઈટ અને કારખાનાઓમાં કામદારોની અછત

અંકલેશ્વર

હોળી-ધૂળેટી પર્વને લઈને હજારો કામદારોએ વતન તરફ પ્રયાણ કરતાં અંકલેશ્વર નગર સુસ્તાઈ રહ્યું હોય એવો માહોલ ઉભો થયો છે.

અંકલેશ્વરમાં ધંધા રોજગાર માટે અને પેટિયુ રળવા માટે મધ્ય ગુજરાતના આદિવાસી જિલ્લાઓતી લઈ બિહાર ઉત્તરપ્રદેશ જેવા રાજ્યોમાંથી પણ હજારો લોકો આવે છે. ખાસ કરીને શિયાની સૌથી મોટી ઔદ્યોગિક વસાહતમાં આ તમામને પેટિયુ રળવાની તક મળી રહે છે. આખું વર્ષ કમરતોડ મહેનત કરનારા આ કામદારો માટે જેકે દિવાળી કરતા પણ હોળી ધૂળેટી પર્વનું મહત્ત્વ વધારે હોય છે. હોળી ધૂળેટી આડે માંડ એક સપ્તાહ બાકી છે. ત્યારે પરપ્રાંતીયો તેમજ મધ્ય ગુજરાતના આદિવાસીઓએ વતન તરફની વાટ પકડી લીધી છે. જેની અસર ઉદ્યોગો પર પણ વર્તાઈ રહી છે. ઉદ્યોગોના કામકાજ મંદ પડ્યા છે.

તો બીજી તરફ નગરપાલિકા દ્વારા તાજેતરમાં જ યુદ્ધના ધોરણે રોડ રસ્તા, વરસાદી કાંસ વગેરેના કામો શરૂ કરાવ્યા એને પણ લગભગ ૧૦ થી ૧૫ દિવસ માટે બ્રેક લાગી જતાં અધૂરા કામોથી લોકોને પણ હાલાકી ભોગવવી પડશે એ લગભગ નક્કી છે. ચૂંટણીના રંગની સાથે હોળી ધૂળેટીના આ રંગની મસ્તી જોકે અનોખી જ લાગી રહી છે અને મશીનોના ધમધમાટથી લઈ રોડ રસ્તાના અધકચરા કામોને લીધે અંકલેશ્વર સુસ્ત ભાસી રહ્યું છે.

પાણીના મસમોટા બિલોથી રહિશો ત્રસ્ત, લોકોએ વેરો ભરવાનો જ બંધ કર્યો

સુરત

મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને ૨૪ કલાક પાણી પુરી પાડવાની સેવા ૬ વર્ષ પહેલાં શરૂ કરવામાં આવી હતી. પણ હજુ આ સેવાને સારો પ્રતિસાદ નથી મળી રહ્યો. એટલું જ નહીં જે વિસ્તારોમાં આ સેવા શરૂ કરવામાં આવી છે ત્યાંના સ્થાનિકોને મસમોટી રકમ બીલમાં બતાવતા લોકોમાં વિરોધનો વંટોળ શરૂ થયો છે.

આ વિસ્તારોમાં છેલ્લાં ૬ વર્ષમાં ફક્ત ૧૫ હજાર કરતા વધુ પાણીનાં કનેક્શનો આપવામાં આવ્યા છે. પણ આટલાં વર્ષો બાદ પણ ધાર્યું પરિણામ મળી શક્યું નથી. લોકોને આ સેવા સામે ફરિયાદો એટલી બધી છે કે તેમનાં કહેવા પ્રમાણે તેમને પાણીની સામે દુધ-ઘી સસ્તુ પડે તેવું છે. અહીં પાણી માટે મીટર શરૂ કરતાં જ પહેલાંની મિનિટો ફક્ત એર જ જાય છે પણ પાણી આવતું નથી. જેનાં કારણે મીટર ફરતું રહે છે અને તેનું પણ બિલ ચઢે છે.

જે લોકોનાં ઘરે કનેક્શનનો વપરાશ થયો જ નથી તે લોકોને ત્યાં પણ ૧૦૦૦ રૂપિયા જેટલું બિલ આવે છે. જ્યારે અન્ય રહેવાસીઓને ત્યાં પણ ૫૦૦થી લઈને ૪૦૦૦ સુધીનાં મહિનાનાં બિલો આવતાં લોકો આ સેવાથી કંટાળી ચૂક્યા છે. ઉપરાંત જો બિલ ન ભરે તો ૧૮ ટકા વ્યાજ સાથે પેનલ્ટી આવે છે. જેથી કેટલાક સ્થાનિકોના બિલ તો ૧ લાખ રૂપિયા સુધી પણ પહોંચવા જાય છે. લોકોએ તો હવે આટલા બિલોથી કંટાળીને બિલો ભરવાનું જ બંધ કરી દીધું છે.

ભારતીય જનતા પાર્ટી દ્વારા ભરૂચ લોકસભા બેઠક માટે ઉમેદવારોની સેન્સ લેવાનું શરૂ

પ્રાપ્ત વોગતો અનુસાર વિધાનસભા દીઠ સેન્સ લેવાની કામગીરી રાજ્ય ના ગૃહ મંત્રી અને અન્ય બે આગેવાનો ની હાજરી માં શરૂઆત થઈ ચૂકી છે તયારે ટેકેદારો મોટી સંખ્યા માં ભરૂચ શહેર ની મધ્ય માં આવેલ રાજપૂત છાત્રાલય ખાતે ઉમટી પડ્યા છે અને પોતાને કયો ઉમેદવાર જોઈએ છે તે બાબતે પ્રદેશકક્ષાએથી આવેલ નિરીક્ષકોને રજૂઅસ્ત નો દોર શરૂ થયો છે જેને લોકશાહી પ્રણાલી કહેવાય છે

પ્રાપ્ત વિગતો અનુસાર જો રિપીટ થિયરી પર પ્રદેશ આગેવાનો નિર્ણય લેતો મનસુખભાઈ વસાવા સુનિશ્ચિત મનાય છે કેમકે જો કોંગ્રેસ સને છોટુભાઈ અને અહેમદ પટેલ ના સબંધો કામકરે તો ભાજપાએ ફરજીયાત આદિવાસી સર્વસ્વીકૃત ઉમેદવાર પસંદ કરવો પડે અને તેવા સંજોગો માં મનસુખભાઈ વસાવા પર કળશ ઢોળાય પણ જો નો રિપીટ થિયરી પર પક્ષ જાય તો પ્રજા માટે બોલકા સને કડક વલણ અખત્યાર કરી અધિકારીઓ નો ઉધડો લેનાર મનસુખભાઈ એ વિરામ લેવાનોવારો આવે અને તેવા સંજોગોમાં ઘનશ્યામ પટેલ કે જેઓ ધારીખેડા સુગર સહિત ભરૂચ દુધધારા ડેરી જેવી ચાવીરૂપ સહકારી સંસ્થાઓ મસ છેલ્લા લાંબા સમય થી સર્વસ્વીકૃતિ એ ચેરમેન પદ સુપેરે નિભાવે છે તેવા સહકારી આગેવાન પર નિરીક્ષકોની નજર ઠરે તે સ્વભાવિક છે અને એમ થાય તો આદિવાસી પશુપાલકો સાથે સાથે પટેલ સમાજ ને પણ સ્થાન મળે તે નકારી ન શકાય.

લોકચર્ચા એ પણ છે કે આ સેન્સ લેવાની તો એક માત્ર પ્રક્રિયાજ હોય છે બાકી મોવડી મંડળે નક્કી કરેલજ હોય છે કે કોને મુરતિયો બનાવવો તે નક્કીજ હોય છે ત્યારે હવે પ્રજાએ નક્કી કરવાનું કે કોણ પ્રજાને સાથે રાખી પ્રજાકીય કામો કરે તેમ છે અને તેનેજ મતદાન ના દિવસે સત્તા નો સ્વાદ ચખાડવો.

પ્રજા મતદાન કરે તે જરૂરી છે કેમકે તેજ તંદુરસ્ત લોકશાહી માટે જરૂરી છે માટે હોવે પ્રજા જાગૃત બની મતદાન કરે એ સાચુદાન ગણાય જેમાં પ્રજાહિત ,રાજ્યનું હિત અને દેશની અર્થવ્યવસ્થા અને સૌરક્ષણ સમાયેલું છે

જનઆક્રોશ: મતની ભીખ માંગવા ન આવવાના બેનરો લાગ્યા

સુરત

લોકસભાની ચૂંટણીની જાહેરાત થઈ ગઈ છે. ત્યારે સુરતના પુણા ગામ વિસ્તારના લોકોએ સાંસદો અને ધારોસભ્યોને મતની ભીખ માંગવા ન આવવાના બેનરો લાગતા રાજકારણમાં ગરમાટો આવી ગયો છે.

લોકસભાની ચૂંટણી ની તૈયારીઓ શરૂ થતા જ મતદારોમાં લોક પ્રતિનિધીઓ સામેનો રોષ બહાર આવી રહ્યો છે. પુણા ગામ રહિશોએ પાછલા વર્ષોમાં કોઈ પણ કામ ન કરનાર સંસદ સભ્યો અને ધારાસભ્યો સામેનો આક્રોશ બતાવતા બેનરો લગાડી ચેતવણી આપી છે. જેમાં લખ્યું છે કે, છેલ્લા ૫ વર્ષથી ગાયબ સાંસદ સભ્યો અને ધારાસભ્યોએ મતની ભીખ માગવા આવવું નહીં. આમ છતાં ગામમાં પ્રવેશ કરશો અને કોઈ ઘટના બનશે તો તેની સંપૂર્ણ જવાબદારી આપની રહેશે.

સોસિયો સર્કલ પાસે બે લોકોના હાથમાંથી મોબાઈલ ફોનની લૂંટ

બાઈક સવારો બે રાહદારીઓને લૂંટી ગયા

સુરત

ખટોદરા વિસ્તારમાંથી પસાર થતા બે રાહદારીઓના હાથમાંથી જુદી જુદી કંપનીઓના બે મોબાઈલ ફોનની ચીલઝડપ કરી મોટર સાયકલ પર આવેલા બે અજાણ્યા ઈસમો ફરાર થઈ ગયા હોવાનો બનાવ ખટોદરા પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર બમરોલી રોડ વિનાયક નગર ગેટ નં.૩માં સુધીર મહંતો રહે છે. તેઓ ગતરોજ ઉધના મગદલ્લા રોડ સોસિયો સર્કલ પાસેથી પસાર થતા હતા. ત્યારે મોટર સાયકલ પર આવેલા અજાણ્યા ઈસમોએ તેમના હાથમાંથી ૬ હજારની કિંમતનો મોબાઈલ ફોનની ચીલઝડપ કરી ફરાર થઈ ગયા હતા. જ્યારે બીજો એક ચીલઝડપનો બનાવ પણ સોસિયો સર્કલ પાસે બન્યો હતો. મૂળ જલગાંવ અમલનેર ખાતે રહેતા ભાઉસાહેબ ઉધના મગદલ્લા રોડ સોસિયો સર્કલ પાસેથી પસાર થતા હતા. ત્યારે રૂા.૧૦ હજારનો મોબાઈલ ફોનની ચીલઝડપ કરી મોટર સાયકલ પર આવેલા અજાણ્યા ઈસમો ફરાર થઈ ગયા હતા. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

લો બોલો હવે આંગણવાડીના આંગણામાં પર લોકો જુગાર રમતા ખચકાતા નથી...!!

ગરુડેશ્વરના નવાવાઘપુરા ની આંગણવાડી માં જુગાર રમતા ચાર ઝડપાયા



રાજપીપળા : નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના નવાવાઘપુરા ગામે આંગણવાડીના આંગણામા ગેરકાયદેસર પત્તાપાનાનો જુગાર રમી રમાડતા ચાર વ્યક્તિઓને પોલીસે એક લાખથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા રેડ દરમિયાન તેમની અંગઝડતીના રૂપિયા ૧૨૪૦/ તથા દાવપરના રૂ.૨૦૦/-તથા મો.સા નં-૨ કિંમત રૂપિયા ૧૦૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૦૧૪૪૦/- ના મુદામાલ સાથે પકડાઇ ચાર પૈકી (૧) વિજય મહેશભાઈ વસાવા (૨) દિનેશ દલપતભાઈ વસાવા બન્ને રહે.નવાવાઘપુરા તા.નાંદોદ જી.નર્મદા (૩) સંજય મોહનભાઈ જોષી(૪) કરણ રામભાઈ સલાટ બન્ને રહે.રામપુરા માંગરોલ તા.ગરુડેશ્વર જી.નર્મદા ને રાજપીપળા પોલીસે પકડી કાયદેસર કાર્યવાહી કરી છે.

માર્કેટના વેપારીને રૂા.૧૯.૯૭ લાખનો ચૂનો ચોપડી ઠગ પિતા-પુત્ર ફરાર

જશ માર્કેટના વેપારી પાસેથી યાર્ન ખરીદી બાપ-દિકરાની છેતરપિંડી

સુરત

જશ ટેક્ટાઈલ માર્કેટના એક વેપારી પાસે યાર્ન ખરીદી કરી નાણાં નહી ચૂકતે કરી ૧૯.૯૭ લાખનો વિશ્વાસઘાત કરી બે આરોપીઓ ફરાર થઈ ગયા હોવાનો બનાવ સલાબતપુરા પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ અમરેલી જિલ્લાના રોકડીયા ગામના વતની દિનેશભાઈ ભીમાણીની એક દુકાન જશ માર્કેટમાં આવેલી છે. હાલમાં વરાછા હીરાબાગ તપસીલ સોસાયટીમાં રહેતાં દિનેશ ભીમાણીને લોભ લાલચ આપી વાડી ફળીયા કોટશેરી ખાતે રહેતાં સંજય વસંતલાલ જરીવાળા તથા પિતા વસંતલાલ જરીવાળા વગેરેઓએ તેમની પાસેથી જથ્થાબંધ યાર્ન ખરીદી સમયસર નાણા ચૂકતે કરવાનું વચન આપ્યું હતું. દિનેશ પાસેથી ૬.૭૦ લાખ તથા તેના મિત્ર પાસેથી ૧૩.૨૭ લાખ મળી કુલ ૧૯.૯૭ લાખનું યાર્નની ખરીદી કરવામાં આવી હતી. થોડા સમય બાદ તેઓ પાસે નાણાંની ઉઘરાણી કરવામાં આવતા તેઓ મોબાઈલ ફોન બંધ કરી ૧૯.૯૭ લાખનો ચુનો ચોપડી ફરાર થઈ ગયા હતા. વેપારીએ પિતા પુત્ર સામે ફરિયાદ નોંધાવતા પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધ્યો હતો.

રાજપીપળામાં શરૂ કરાયેલી ભલાઈની દીવાલ નામના સેવાકાર્યનું સુરસુરિયું થતું જોવા મળ્યું



નર્મદા જિલ્લા સ્પોર્ટ્સ એસોસિએશન અને સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા રાજપીપળા ખાતે ભલાઈની દીવાલ નામે એક સેવાકીય કાર્યની શરૂઆત કરી પરંતુ ગણતરીના દિવસોમાં કોઈ અસ્તિત્વ નથી

રાજપીપળા : રાજપીપળા પોલીસ લાઈનની એક દીવાલને થોડા દિવસો પેહલા ભલાઈની દિવાલનું નામ આપી નર્મદા એસપી મહેન્દ્ર બગડિયા એ ગરીબ લોકો માટે એક સારી સેવા શરુ કરી પરંતુ એમની બદલી થયા બાદ હાલ આ ભલાઈ નું જાણે કોઈ અસ્તિત્વજ રહ્યું નથી રહ્યું ત્યારે આ દીવાલ પાસે લોકોએ આપેલા કપડાં અમુક બોક્સમાં મૂકી કેટલાક સેવાભાવી વ્યક્તિઓ ત્યાં બેસતા હતા પરંતુ હાલ એ બોક્સ અને સેવાભાવી વ્યક્તિઓ બંને ગાયબ છે અને લોકો એ ગરીબ લોકોને કામમાં આવે એ માટે આપેલા કપડાં પણ ત્યાંની ફૂટપાથ ઉપર રસ્તે રઝળતા જણાય છે ત્યારે એક સારી ભાવનાથી શરુ કરાયેલી ભલાઈની દીવાલ નામની આ પ્રવુતિ જયારે ખુલ્લી મુકાઈ ત્યારે શહેરના આગેવાનો વડીલો અને સેવાભાવી માણસો તસવીરો ખેંચાવવા હાજર હતા પરંતુ ગણતરીના દિવસોમાં હવે ત્યાં કોઈ ભાવરા પણ તૈયાર નથી જો કદાચ એસપી મહેન્દ્ર બગડિયાની બદલી ન થઈ હોત તો કદાચ આ ભલાઈનું કામ સારી રીતે ચાલતું હોત ત્યારે સવાલ એ થાય છે કે ઓપનિંગના દિવસે મોટી વાતો કરતા મહાનુભાવો ક્યાં ગાયબ થઈ ગયા ...? એ લોકો ફક્ત પ્રસિદ્ધિ મેળવવાજ એ દિવસે હાજર રહ્યા હતા ...? હાલ પોલીસ વિભાગ કે સ્પોર્ટ વિભાગના કોઈજ વ્યક્તિ ત્યાં હાજર જણાતા નથી કે નથી કપડાં મુકવાના ખોખા તો ગરીબોની મદદ માટે હવે કોણ સામે આવે છે એ જોવું રહ્યું.

ધો-૮ની વિદ્યાર્થિનીનું રહસ્યમય રીતે મોત થતા ચકચાર મચી

સુરત

ઉધનામાં આવેલા આવાસમાં રહેતી એક ધોરણ-૮ની વિદ્યાર્થિનીનું રહસ્યમય મોત નિપજ્યું હતું. દિવસ દરમિયાન ઉલટીઓ થતા તેને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. દરમિયાન તેણીને ઝેરની અસર હોવાનું સામે આવ્યું હતું.

મૂળ મહારાષ્ટ્રના ધુલીયાની રહેવાસી મેઘના સુખદેવ વસંત(ઉ.વ.૧૩) ઉધનામાં આવેલા ભીમનગર આવાસમાં પરિવાર સાથે રહેતી હતી. અને નજીકમાં આવેલી વિદ્યાલયમાં ધોરણ-૮માં અભ્યાસ કરતી હતી. પિતા મજૂરી કામ અને માતા ઘરકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત મંગળવારના રોજ માતા બિમાર પડતા દીકરી તેની જગ્યાએ ઘરકામ માટે ગઈ હતી. દરમિયાન બુધવારે સવારે ઉલટી થવા લાગી હતી. પરિવારે લિંબુ-પાણી પીવડાવતા રાહત થઈ હતી. જેથી પિતા કામ પર ચાલ્યા ગયા હતા. ત્યારબાદ માતા દીકરીને લઈને ડિંડોલીમાં આવેલા એક ક્લિનિકમાં દવા લેવા માટે ગયા હતા. જ્યાંથી દવા લઈને આવ્યા બાદ ચાર વાગ્યે મેઘનાને ઉલટી થવા લાગી હતી. અને ચક્કર ખાઈને પડી ગઈ હતી. જેથી ૧૦૮ મારફતે તેણીને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. સિવિલ હોસ્પિટલ ખસેડાયેલી મેઘનાને ઝેરની અસર હોવાનું જાણવા મળ્યું હતું. જેથી ડોક્ટરોએ સારવાર ચાલું કરી હતી. દરમિયાન રાત્રે ૧૨.૩૦ કલાકે મેઘનાનું મોત નિપજ્યું હતું. હોલ પોસ્ટમોર્ટમ ચાલી રહ્યું છે. જેમાં પ્રાથમિક તપાસમાં રેટ પોઈઝન હોવાનું જાણવા મળ્યું છે. જોકે, પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ મોત અંગે ચોક્કસ કારણ જાણવા મળશે.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time 10 am
7575006850 to 5 pm

દક્ષિણ ગુજરાતના તાપમાનમાં વધારો : નવસારીમાં ૩૩ ડીગ્રી

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ગતરોજની સરખામણીએ આજે તાપમાનમાં નજીવો વધારો થતા બપોરના સમયે ગરમીનો અનુભવ થયો હતો. આગામી દિવસોમાં ગરમીનો પારો વધશે તેવી શક્યતા છે. આજે દક્ષિણ ગુજરાતમાં ૩૧ થી ૩૩ ડીગ્રીની આસપાસ ગરમી નોંધાઈ છે. સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૩૨.૬ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૯.૫ ડીગ્રી નોંદાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૬૯ ટકા અને હવાનું દબાણ ૧૦૧૭ મિલીબાર નોંધાયું છે. શહેરમાં દક્ષિણ પશ્ચિમ દિશાથી કલાકના ૫ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. ગતરોજની સરખામણીએ આજે એકથી બે ડીગ્રી તાપમાન વધ્યું છે. નવસારીમાં આજે અધિકતમ તાપમાન ૧૪ ડીગ્રી નોંધાયું છે. વલસાડમાં અધિકતમ તાપમાન ૩૧.૯ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૭.૧ ડીગ્રી નોંધાયું છે. આગામી દિવસોમાં તાપમાનમાં વધારો થાય તેવી શક્યતા છે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847